પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૧/૧૨/૨૦૨૪, બુધવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એકસપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવંત ૨૦૮૧ માગશર સુદ-૧૧ વર્ષ : ૧૫ અંક : ૩૦૧

**સુવિચાર**

પગ ખેંચીને કોઈને પછાડી દેવા કરતાં પીઠ થાબડીને પ્રોત્સાહિત કરવામાં મહેનત ઓછી છે અને લાભ ઘણો છે.

:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

શીયાળાની કડકડતી ઠંડીમાં સ્વાદ અને સ્વાસ્થ્ય વર્ધક શુધ્ધ ઘી માં...
હરિૐ PENDAWALA
અડદીયા
ગુંદરપાક
મેથીલાડું
હરિૐ પેંડાવાળા
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૯,અમરેલી,મો.89999 90099

## લીલીયાનાં આંબા ગામનાં આયુર્વેદ ડોકટર બન્યા ખેડૂત

# અરે વાહ : ખારાપાટ વિસ્તારમાં જામફળ, કેળા અને પપૈયાની સફળ ખેતી

ક્લિનિક ચલાવવાની સાથે પ્રાકૃતિક બાગાયતી ગાય આધારિત ખેતીનો સફળ પ્રયોગ કર્યો

પ્રાકૃતિક ખેતી કરીને દર વર્ષે વધારાની રૂપિયા ૨ લાખની આવક રળી લે છે

આગામી દિવસોમાં મિયાજાકી જાતની કેરીનું ઉત્પાદન થાય તે માટે પ્રયત્નશીલ

જુવાર, રાગી અને રાજગરાનું પણ વાવેતર કરીને સારી એવી ઉપજ મેળવે છે



અમરેલી, તા. ૧૦

અમરેલી જિલ્લાના પ્રગતિશીલ ખેડૂતો પ્રાકૃતિક અને બાગાયતી ખેતી કરે છે પરંતુ ખારાપાટના ગામોમાં ચોમાસા સિવાય ખેતી કરવી અસંભવ હોય છે. પણ લીલીયાના આંબા ગામના આર્યુવેદ ડોકટરે પ્રાકૃતિક પંચસ્તરીય બાગાયતી ખેતી કરી છે અને પંચસ્તરીય બાગાયતી ખેતીની સાથે દસથી વધારે મિનિટસનું વાવેતર કર્યુ છે અને ગાય આધારિત ખેતી કરી રહ્યા છે. વાર્ષિક રૂા. ૨,૦૦,૦૦૦ સુધીની કમાણી પણ કરી રહ્યા છે. જયારે દેશની સૌથી મોંઘી ગણાતી કેરીની આંબાની જાત મીયાઝાંકી વૃક્ષ પણ ખારાપાટમાં ઉછેર કરીને નવતર સિધ્ધિ આ ડોકટર ખેડૂતે હાંસીલ કરી છે.

લીલીયા પંથકની આજુબાજુનો વિસ્તાર એ ખારોપાટ વિસ્તાર કહેવામાં આવે છે. માત્ર ચોમાસામાં આ ખારાપાટ વિસ્તારોમાં ખેતી શકય હોય છે. જયારે બાગાયતી ખેતી કરવી એ તો એક ચેલેન્જ રૂપ ગણવામાં આવેછે. પરંતુ આંબા ગામમાં

**અનુસંધાન પાના ૬ ઉપર**

## કોર્ટમાં કેસ ચાલતો હોય સજા થવાના ડરથી

# અમરેલીમાં ગોળીબારના ટેકરા સામે રહેતા યુવકે ગળાફાંસો ખાઈ અંતિમવાટ પકડી

**મૃતક સામે ૪ વર્ષ અગાઉ એક કેસ નોંધાયેલ**

અમરેલી, તા. ૧૦

અમરેલીના ચિતલ રોડ ઉપર આવેલ ગોળીબારના ટેકરા ગામે રહેતા એક યુવકે બપોરના સમયે પોતાના ઘરે ગળાફાંસો ખાય લેતાં દવાખાને ખસેડાતા તેમને મૃત જાહેર કરવામાં આવેલ હતો.

આ બનાવમાં જાણવા મળતી વિગત મુજબ અમરેલીના ચિતલ રોડ ઉપર આવેલ ગોળીબાર ટેકરી સામે રહેતા વનરાજભાઈ બાબુભાઈ ધાધલ નામના ૨૯ વર્ષિય યુવક સામે ચારેક વર્ષ અગાઉ એક ગુન્હો નોંધાયો હતો. અને તે અંગેનો કેસ કોર્ટમાં ચાલતો હોય, જે કેસમાં કોર્ટમાં તેમને સજા થશે તેવો સતત ડર લાગતો હોય જેને લઈ આ યુવકે બપોરના સમયે પોતાના ઘરે ગળાફાંસો ખાઈ લેતાં તેમને દવાખાને ખસેડાતા તેમને મૃત જાહેર કરવામાં આવેલ હતો.

જોઈએ છે
કોમ્પ્યુટર ઓપરેટર..........૨
CorelDraw, Photoshop, PageMaket-7,
તથા ગુજરાતી ટાઈપીંગનાં અનુભવી
અમરેલી શહેરનાં (સ્થાનિક) વ્યકિતઓએ જ સંપર્ક કરવો
રૂબરૂ મળવાનો સમય : ૧૨ : ૩૦ થી ૧ : ૩૦
અમરેલી એકસપ્રેસ
કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

અમરેલી એકસપ્રેસ
એજન્સી આપવાની છે...
અમરેલી જિલ્લાનાં લાઠી, દામનગર, ચિતલ, સા.કુંડલા રાજુલા, વીજપડી, ધારી, ચલાલા, વડિયા, માં 'અમરેલી એકસપ્રેસ' દૈનિકની એજન્સી આપવાની છે, એજન્સી માટે ઈચ્છુક ઉમેદવારોએ રૂબરૂ સંપર્ક કરવો.
સંપર્ક
મનોજ રૂપારેલ - તંત્રી
મો.૯૮૨૫૦ ૦૭૪૪૩
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ - અમરેલી

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
68,800/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૧૦/૧૨/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ
જવેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

## નાના બાળકો ગરમ કપડામાં ઢબુરાઈને શાળાએ જતાં જોવા મળ્યા

# અમરેલી જિલ્લામાં તાપમાનનો પારો ૧૨ ડીગ્રી સુધી નીચો આવતાં ટ્રાફિકથી ધમધમતા માર્ગો સુમસામ બન્યા

**ગરમ કપડાનું વેચાણ કરનાર વેપારીઓમાં ખૂશીનો માહોલ**



અમરેલી, તા. ૧૦

અમરેલી શહેર સહિત જિલ્લામાં છેલ્લા બે દિવસથી કોલ્ડવેવની અસર હોય ભારે પવન સાથે કડકડતી ઠંડીમાં લોકો ઠુંઠવાયા છે. ત્યારે આજે વ્હેલી સવારે અમરેલી ૧૩ ડિગ્રી અને ધારીમાં ૧૨ ડિગ્રી તાપમાન નોંધાયું છે.

અમરેલી શહેર સહિત જિલ્લામાં છેલ્લા બે દિવસથી ભારે ઠંડી પડી રહી છે. ઠંડીના કારણે આજે સવારે શહેરના મુખ્ય માર્ગો મોડે સુધી સૂમસામ જોવા મળતા હતા. ત્યારે સવારે સ્કૂલે જતાં બાળકો પણ રંગબેરંગી ગરમ કપડામાં ઢબુરાઈને સ્કૂલે જતાં જોવા મળતા હતા. જયારે મોર્નિંગવોકમાં નીકળતા લોકો પણ ઠંડીના કારણે ઓછા જોવા મળી

**અનુસંધાન પાના ૬ ઉપર**

જુના માર્કેટયાર્ડમાં
દુકાન વેચવાની છે...
અમરેલીનાં જુના માર્કેટયાર્ડમાં 'કળશ મોલ' ની બાજુમાં આવેલ ગ્રાઉન્ડ ફ્લોરની દુકાન નં.૧૩૭ વેચવાની છે.
:: સંપર્ક કરો ::
શ્રી જેરામભાઈ સોહેલીયા
મો. ૭૮૭૪૩ ૯૩૪૮૪

નિ:શુલ્ક
યુરોલોજી કેમ્પ
૨ દિવસીય
નવજીવન જનરલ હોસ્પિટલ
પથરી-પ્રોસ્ટેટ-કીડની તકલીફ ?
પથરી
પ્રોસ્ટેટ
કીડની
ડૉ.જય માકડીયા
યુરોલોજીસ્ટ
તારીખ ૧૧-૧૨-૨૦૨૪, બુધવાર
સમય સાંજે ૦૬:૦૦ થી ૮:૦૦
તારીખ ૧૨-૧૨-૨૦૨૪, ગુરૂવાર
સમય સવારે ૮:૩૦ થી ૧૦:૩૦
નોંધ : નામ નોંધાવવુ ફરજીયાત છે.
જરૂરીયાત મંદોને ફ્રી દવાઓ.
જુના રીપોર્ટ ફાઈલો સાથે લાવવું.
કેરીયા રોડ, નાગરિક બેંકની બાજુમાં, અમરેલી
Ph. (02792) 222223
Mo.9978223000

દર મહિના ના બીજા બુધવારે
તારીખ : ૧૧/૧૨/૨૦૨૪
સમય : સરવારે ૧૦ : ૦૦ થી ૧ : ૦૦
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિ સ્પેશિયાલીટી હોસ્પિટલ
પેટ- આંતરડાના નિષ્ણાંત હવે આપણી ગોળ હોસ્પિટલમાં..
એન્ડોસ્કોપી અને કોલોનોસ્કોપી (દુરબીન વડે પેટની તપાસ) ની સુવિધા ઉપલબ્ધ
ડો.અવ્વલ સાદીકોટ
MD,DNB (Gastro)
NETRA CHIKITSA TRUST
MULTI SPECIALITY HOSPITAL
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી-૩૬૫૬૦૧ ગુજરાત.ફોન : (૦૨૭૯૨) ૨૩૩૬૯૯
એપોઈન્ટમેન્ટ માટે 99789 66629

# 'વૃન્દા અભિયાન' અંતર્ગત મહિલા ઉત્થાન મંડળ દ્વારા તુલસીનાં રોપા વિતરણનો કાર્યક્રમ યોજાયો



સાવરકુંડલા અને અમરેલીમાં મહિલા ઉત્થાન મંડળ–અમરેલી દ્વારા ૧૫૦૦ જેટલા તુલસીના રોપાનું નિઃશૂલ્ક વિતરણ કરવામાં આવ્યું. કોઈ પણ જાતના નાતજાતના ભેદભાવ વિના તમામ સમુદાયના લોકોએ શ્રદ્ધા પૂર્વક તુલસીના રોપા મેળવી ધન્યતા અનુભવી. આયુર્વેદમાં અને ઔષધિય ક્ષેત્રે તુલસીની મહત્તા અને શ્રેષ્ઠતા અદ્વિતીય છે. તુલસી આરોગ્યની રક્ષક મહાઔષધી છે. જન સામાન્ય સુધી તુલસીની ઉપયોગિતા અને ઔષધિય ગુણોની માહિતી પહોચે તે હેતુથી દરેકને ઋષિ પ્રસાદની સાથે તુલસીજીની માહિતી પત્રિકા પણ ભેટ સ્વરૂપ આપવામાં આવી. વલ્લભીપુર આશ્રમના સાથ–સહકાર અને માર્ગદર્શનથી તેમજ મહિલા ઉત્થાન મંડળની બહેનોની જહેમતથી કાર્યક્રમ સરસ રીતે સંપન્ન થયો.

## બાબરા તાલુકાનાં બીજા આયુષ્યમાન આરોગ્ય મંદિર ઊંટવડને NQASનું સર્ટીફિકેટ પ્રાપ્ત



તસ્વીર : ભરત મહેતા–કોટડાપીઠા

કોટડાપીઠા, તા. ૧૦

બાબરા તાલુકાનાં ઊંટવડ ગામના આયુષ્યમાન આરોગ્ય મંદિરની પસંદગી NQAS (National Quality Assurance Standards) મુજબ કરવા માટેની પસંદગી કરવામાં આવેલ. તા. ૨૨ નવેમ્બર ૨૦૨૪નાં રોજ રાષ્ટ્રીય કક્ષાની ટીમ દ્વારા રૂબરૂ મુલાકાત લઈ આયુષ્યમાન આરોગ્ય મંદિર ઊંટવડ દ્વારા આપવામાં આવતી આરોગ્ય વિષયક સેવા અંગેની કામગીરીની ગુણવતા તપાસ માટે આવેલ જેમાં સ્ટાફ ઈન્ટરવ્યું રેકોર્ડરજીસ્ટર ઓબઝરવેશન વગેરે તપાસ કરી કેન્દ્ર કક્ષાએ અહેવાલ રજુ કરાયેલ અને અંતે આયુષ્યમાન આરોગ્ય મંદિર ઊંટવડને NQAS અગેનું સર્ટીફિકેટ ૯૧%નું સર્ટીફિકેટ આપવામાં આવ્યું છે. જે આ સિધ્ધિ પ્રાપ્ત કરવામાં જીલ્લા કક્ષાએ થી CDHO ડો. આર.એમ. જોષી, QAMO ડો. આર.કે. જાટ, RCHO ડો. એ.કે. સિંહ, DMO ડો. એ.કે. સિંહ, SMO ડો.વિ.જે.અગ્રાવત તેમજ જિલ્લા કવોલિટી ટીમ તેમજ તાલુકા કક્ષાએથી THO ડો. આર.આર. મકવાણા, THS રાજુભાઈ સલખણા, ડો. મહેશભાઈ ગોહિલ અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કોટડાપીઠા મેડીકલ ઓફિસર ડો. વત્સલ માકાસણા અને વૈધ ભાવેશભાઈ તાગડીયા, સુપરવાઈઝર મેહુલભાઈ ડાંગર અને મુકતાબેન ધડુકનાં માર્ગદર્શન હેઠળ આયુષ્યમાન આરોગ્ય મંદિર ઊંટવડનાં કર્મચારી રાજનભાઈ ગમારા, રમેશભાઈ ગોહિલ, પ્રિયંકાબેન દેગામા, પાયલબેન કટારા, ચેતનાબેન સકોરિયા, મીરાબેન મેતરા, સમાબેન ત્રિવેદી અને આશા બહેનો અને નીરવભાઈ મકવાણા, ભોજરાજભાઈ ગીડા, પ્રતિકભાઈ અમરેલીયા, ફાલ્ગુનીબેન મકવાણા, માનસીબેન આંબલિયા તેમજ પ્રાથમિક આરોગ્ય કોટડાપીઠાની ટીમ દ્વારા ખુબ જ જહેમત ઉઠાવીને બાબરા તાલુકાનું બીજા આયુષ્યમાન આરોગ્ય મંદિર ઊંટવડને સર્ટીફિકેટ NQAS મળેલ છે.

## અમરેલી ખાતે દેના બેંકનાં નિવૃત્ત કર્મચારીઓની બેઠક યોજાઈ



અમરેલી, તા. ૧૦

અમરેલીખાતેજિલ્લાનાદેના બેન્કના નિવૃત સભ્યોનુ સ્નેહમિલન બહેરામુંગાશાળાખાતેયોજવામાઆવ્યુ હતુ. આ સ્નેહમિલનમા અમરેલી જિલ્લાના નિવૃત્ત સભ્યોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્યથી થઈ હતી. શરૂઆતમાં પી. કે. દોંગાએ તમામનુસ્વાગત કર્યુહતુ અને નૂતનવર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી.

પોતાનાઉદબોધનમાપ્રમુખ પી. આર. પારેખ, ઉપપ્રમુખ જી. ટી. કાનાબારે તથા આસી. સેક્રેટરી પી. વિ. અજાગીયાએ સર્વેને નૂતન વર્ષની શુભકામનાઓ પાઠવી હતી તથા સર્વેને હયાતિના પ્રમાણપત્ર બાકી હોય તેમણે જલદી સબમીટ કરી દેવા જણાવાયુહતુ. અંતમા દરેક સભ્યને નિવૃત્ત સ્ટાફ નરેન્દ્રભાઈ મકવાણા, ડી. એચ. દેવાણીભાઈ, હરૂભાઈ બાટવિયાભાઈ, વિ. યુ. પરમારભાઈ તથા વિ. એચ. વાઘભાઈદ્વારા સ્મૃતિ ભેટ આપવામા આવેલ. સમગ્ર કાર્યક્રમનુ આયોજન હરૂભાઈ બાટવિયા તથા પી. કે. દોંગાએ સફળતા પૂર્વક બહેરા મૂંગા શાળા ખાતે ગોઠવ્યુહતુ.

આ સમારંભમા બહેરા મુંગા શાળાના લગભગ ૮૦ વિદ્યાર્થીઓને આપણા યુનિટ વતિ ભોજન કરાવવામા આવ્યુ હતુ. છેલ્લે લંચ લઈ સર્વે છૂટા પડ્યા હતા.

### મુગલપરા પરિવાર દ્વારા સૌ કોઈ માટે પ્રેરણાદાયી કાર્ય

## બગસરાના દિકરાના લગ્નમાં આવેલ ચાંદલાની રકમ ગૌશાળામાં જમા કરાવી

### બે લાખ ત્રીસ હજાર ગૌ સેવામાં અર્પણ કર્યા



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૧૦

બગસરા શહેરમાં તાજેતરમાં મુગલપરા પરિવારમાં થયેલ લગ્નપ્રસંગમાં આવેલ ચાંદલાની રકમ ગૌ સેવા માટે અર્પણ કરી સમાજને નવી રાહ બતાવી છે. થોડા સમય પહેલા પણ મુગલપરામાં લગ્નનો ચાંદલો સીયારામ ગૌશાળાને અર્પણ કર્યુ હતું ફરી પોતાની ઘરે દીકરાના લગ્ન હોય ફરીવાર સો ટકા ચાંદલાની રકમ ગૌશાળાને અર્પણ કરી લોકોને પ્રેરણા આપી વિગત મુજબ બગસરા પાસેના હામાપુર ગામના વતની હાલ બગસરામાં રહેતા. અનિલભાઈ મુગલપરા કિશોરભાઈ મુગલપરા બાવજીભાઈ પોપટભાઈ મુગલપરાના પુત્ર પ્રિન્સ તથા શાંતિભાઈ ઝીણાભાઈ મુગલપરાના પુત્ર યસના લગ્ન પ્રસંગ ધામધૂમથી ઉજવવામાં આવેલ હતા. આ લગ્ન પ્રસંગ નિમિત્તે ઉપસ્થિત રહેલા મહેમાનો તથા સગા સંબંધીઓ દ્વારા આપવામાં આવેલ ચાંદલાની ભેટની રકમ રૂપિયા ૨,૩૦,૦૦૦ થયેલ હતી. મુગલપરા પરિવાર દ્વારા આ રકમને બગસરાની સિયારામ ગેશાળાને અર્પણ કરી હતી તેમજ ગાયોના રક્ષણ માટે આ રકમ વાપરવા અનુરોધ કર્યો હતો. શ્રીમંત પરિવારો દ્વારા પ્રસંગ નિમિત્તે આવતી ચાંદલાની રકમ ગૌશાળા અને અર્પણ કરી મુગલપરા પરિવાર દ્વારા સમાજને નવી રાહ બતાવી છે.

### ગુન્હાઓને થતાં અટકાવવા માટે

## અમરેલી જિલ્લાનાં તમામ ગ્રામ્ય વિસ્તારમાં સીસીટીવી કેમેરા લગાવવા જરૂરી

### આમ આદમી પાર્ટીએ મુખ્યમંત્રીને પત્ર પાઠવ્યો

અમરેલી, તા. ૧૦

અમરેલી જિલ્લા આમ આદમી પાર્ટીએ મુખ્યમંત્રીને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, અમરેલી જીલ્લાના ચિતલ (જશવંતગઢ ) ગામમાં ધોળા દહાડે બપોરના લગભગ ૧૧:૩૦ થી ૧૨:૦૦ કલાક આસપાસ એક રાજગોર બ્રાહ્મણ મહિલાના ઘરે અજાણ્યા ઈસમોએ તીક્ષ્ણ હથીયારોથી કરપીણ હત્યા કરી નાંખી છે. આ મહિલા અમરેલી જીલ્લાના અન્ન અને નાગરીક પુરવઠાના નાયબ મામલતદાર માતુશ્રી હતા. જો આટલા મોટા અધિકારીનું પરીવાર સુરક્ષિત ના હોય તો સામાન્ય માણસના પરીવારના સદસ્યોના જીવનની સુરક્ષા શું હોય શકે !

વધુમાં જણાવેલ કે ગુજરાતમાં આવી ઘટનાઓ લગભગ છેલ્લા ૧૦ વર્ષથી ખુબ મોટા પ્રમાણમાં વધવા પામી છે. જે ગુજરાત મોડેલની વાત વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સમગ્ર ભારત અને વિશ્વભરમાં કરતા હોય અને તે ગુજરાતના ગામડાઓમાં પણ મહિલાઓ સુરક્ષિત ના હોય તો એ વાત આપણા માટે શરમ, ચિંતા અને ભયજનક છે.

વધુમાં જણાવેલ કે આ ઘટનાની જાણ અને એફઆઈઆર સંબંધિત પોલીસ વિભાગમાં કરવામાં આવી છે અને પોલીસ વિભાગ ઘટનાની ગંભીરતા સમજી કામ તો કરી જ રહી છે. પરંતુ પોલીસના કહેવા મુજબ જો એ વિસ્તારમાં સીસીટીવી કેમેરાની વ્યવસ્થા હોત કદાચ આવા ચોર અને હત્યારાઓની હિંમત જ ના થાત કે આવી કોઈપણ ઘટનાને અંજામ આપે. અથવા તો આ ઘટનાને અંજામ આપનારા ઈસમોને ઝડપી પાડવામાં ખુબ જ ઝડપ થઈ શકી હોત.અને ભવિષ્યમાં આવા તત્વો દ્વારા અન્ય કોઈ નિર્દોષનો ભોગના લેવાત. માટે આ મુદ્દાની ગંભીરતા સમજીને ગુજરાતના દરેક ગામડાની ગામતળની દરેક શેરી અને મુખ્ય આવન જાવન માર્ગોને સીસીટીવી કેમેરાની સુવિધા આપી લોકોને સુરક્ષાને ધ્યાને લઈને આ માંગણીને તત્વરે ગ્રામ્યમાં વસતા લોકોની સલામતી માટે આવરી લેવામાં આવે તેમ અંતમાં જણાવેલ છે.

## ચાવંડ : પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે પુરૂષ નસબંધી કાર્યક્રમની ઉજવણી



અમરેલી, તા. ૧૦

ભારત સરકાર દ્વારા કુટુંબ નિયોજન કાર્યક્રમમાં પુરૂષોના ફાળાને વધારવા દર વર્ષે ૨૧ નવેમ્બરથી ૪ ડિસેમ્બર દરમિયાન પુરૂષ નસબંધી (NSV) પખવાડિયાની ઉજવણી કરવામાં આવે છે જે અંતર્ગત પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ચાવંડ ખાતે ૬/૧૨/૨૪ના રોજ જિલ્લા કક્ષાના કેમ્પનું આયોજન કરવામાં આવેલું હતું. જેમાં ભાવનગરથી આવનાર NSV સર્જન ડો. બોરિયાએ સેવા આપી હતી.

આ જિલ્લા કક્ષાનાઅ કેમ્પમાં કુલ ૬ NSVના ઓપરેશન કરવામાં આવ્યા હતા જે એક નોંધપાત્ર કહી શકાય તેવી કામગીરી કરવામાં આવી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે જિલ્લા તેમજ કક્ષાના અધિકારીઓના માર્ગદર્શન હેઠળ આરોગ્ય કર્મચારીઓએ પ્રોત્સાહક કામગીરી કરી હતી. આ સફળ કેમ્પના અનુસંધાને પુરૂષ નસબંધી (NSV) કરાવવા માટે વધુમાં વધુ લાયક પુરૂષો આગળ આવે અને લાભ લે તેવું જિલ્લા આરોગ્ય અધિકારીની યાદીમાં જણાવ્યું છે.

### જાગૃત નાગરિક જે.એમ. ઠાકરની રજૂઆત

## નાગેશ્રી ખાતે આવેલ ૧૦૮ એન્ટિક મૂર્તિ ધરાવતાં મંદિરનો વિકાસ કરવો જરૂરી

### પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડમાં પત્ર પાઠવ્યો

અમરેલી, તા. ૧૦

રાજુલાનાં જાગૃત નાગરિક જે.એમ. ઠાકરે ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે અમરેલી જિલ્લાના નાગેશ્રી ગામે ચારધામ મંદિર એક વર્ષો જૂનું છે તેમાં કુલ ૧૦૮ જેટલી એન્ટિક મૂર્તિઓ છે અને ખૂબ જ જૂનું મંદિર છે અગાઉ લોકો ચારધામ યાત્રા કર્યા બાદ આ મંદિર પણ આવતા.

ઘણા વર્ષોથી એમ જ છે અને જૂનું છે જેમાં છેલ્લા ૬૦ વર્ષમાં કોઈપણ વિકાસ નથી થયો.

આ મંદિર ખાનગી માલિકીનું છે જે રાજુલાનાં બિપીનભાઈ વસુંધરા સ્ટોર ચલાવે છે આ જગ્યાએ જવા માટે ફોર ટ્રેક રોડ ભાવનગર સોમનાથ પસાર થાય છે ત્યાંથી બે ફોલગ દૂર છે. ખાનગી માલિકીનું હોય સરકારે જરૂરી પ્રશાસનીક કાર્યવાહી કરી મિટિંગ કરી વિકાસ માટે પ્રભાવિત કામગીરીની જરૂર છે.

આ મંદિરમાં દર્શનાર્થીઓ ખૂબ જ ઓછા આવે છે નાગેશ્રી ગામ નાનું અને અવિકસીત છે. મંદિરના નિભાવ ખર્ચમાં પણ તકલીફ રહે છે ખૂબ જ મહત્વની બાબત એ છે કે આ એક ખૂબ જ સુંદર મૂર્તિઓવાળું તૈયાર મંદિર છે અને જો સરકારી જરૂરી પ્રશાસનિક રીતે સર્વ કરાવી હુકમો કરશે તો એક પ્રભાવી જગ્યા મળી શકે એમ છે.

જિલ્લા ઉચ્ચ પ્રશાસનિક અધિકારીઓની આ મંદિરની વિઝીટ કરાવવાની પણ જરૂર છે. તેમ અંતમાં જણાવેલ છે.

''અમરેલી એક્સપ્રેસ''
અમારૂ ઇ–મેઇલ એડ્રેસ
''અમરેલી એક્સપ્રેસ''ના પત્રકારોને વિનંતી કે,ઈ–મેઈલ એડ્રેસ
amreliexpress7@gmail.com
પર ફોટો સમાચાર મોકલવા.
''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

# વીજપડી ગામે હિન્દુ/મુસ્લિમ સર્વ જ્ઞાતિ સમુહ લગ્નોત્સવ યોજાયો



તસ્વીર : સમીર ખોખર–વીજપડી

વીજપડીનાં આંગણે ભુતકાળમાં કયારેય ન ઉજવાયો હોય તેવાં સમુહશાદીનાં આ પ્રસંગનું આયોજન કોમીએકતાનાં પ્રતીક એવા અફઝલબાપુ રફાઈ (જાંબુર)નાં સંપૂર્ણ સહયોગથી યોજાયેલ હતા ૧૮ દિકરીઓનાં લગ્ન કરીને સાસરે મોકલી ખુબ પુણ્યનું કામ કરેલ વીજપડી ગામમાં પ્રથમ વખત હિન્દુ મુસ્લિમ દરેક સમાજ સમુહ લગ્નોત્સવનું આવુ આયોજન કરેલ હોય તો તે અફઝલ બાપુ રફાઈ દ્વારા થયેલ હોય મોભી સમુહલગ્ન સમિતિ ગુજરાત કંજુલ ઉમ્માલ એજયુકેશનલ એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આયોજીત સમુહલગ્નમાં ૧૮ યુગલ જોડાયા હતા માનનીય અફઝલ બાપુ રફાઈ અને ચેરમેન સોહિલભાઈ રફાઈ અને તેમની પુરી કમેટી દ્વારા અનેક સેવાકીય પ્રવૃત્તિ કરવામાં આવી રહી છે આ સમુહલગ્નમાં વીજપડી ગામના દરેક હિન્દુ મુસ્લિમ સમાજના આગેવાનઓ ભાવેશભાઈ લાડુમોર, વીનુભાઈ નગદિયા (શુભ લક્ષ્મી મેડીકલ), જગદીશ ભાઈ નગદિયા, છગનભાઈ રાવલદેવ, વિનુભાઈ હરીયાણી, નટુભાઈ નગદિયા, રામજીભાઈ, સંજયભાઈ વાઘેલા તેમજ શીલુભાઈ ઝાંખરા, અકબરભાઈ શેખ, દાદુભાઈ બેલીમ, ઇનુસભાઈ પોહાર, ઈમરાનભાઈ ચાવડા, સમીરભાઈ ખોખર આ તમામ આગેવાનો હાજર રહી નવદંપતિને આશીર્વાદ આપ્યા હતા આ સમુહલગ્નોત્સવને સફળ બનાવવા વીજપડી મોભી સમુહલગ્ન સમિતિનાં આગેવાન રસુલખાન પઠાણ તથા અબ્દુલભાઈ બેલીમ તથા વલીભાઈ બેલીમ રાત દિવસ મેહનત કરી અને આ સમુહ લગ્નોત્સવને સફળ બનાવેલ છે તેમ સમીર ખોખરે જણાવેલ છે.

# ટોડા : ૧.૨૦ કરોડનાં ખર્ચે નવનિર્માણ થનાર પ્રાથમિક શાળાનાં બિલ્ડીંગનું ખાતમુર્હૂત થયું



હાલ ગુજરાત સરકાર દ્વારા બાળકોને શ્રેષ્ઠ શિક્ષણ મળી રહે તેવા ઉમદા હેતુથી સમગ્ર રાજયમાં શિક્ષણ વિભાગ દ્વારા તે આધુનિક અને ડિજિટલ ટેકનોલોજીથી શૈક્ષણિક કાર્ય થાય તે માટે શાળાઓનાં નવા બિલ્ડીંગ, ડિજિટલ સાઈન બોર્ડ કોમ્પ્યુટર શિક્ષણ મળી રહે તે માટે કોમ્પ્યુટર લેબ વિગેરે માટે ગ્રાન્ટ ફાળવવામાં આવી રહી છે. લાઠી તાલુકાનાં ટોડા ગામે જીલ્લા પંચાયત શિક્ષણ સમિતિ સંચાલિત પ્રાથમિક શાળા માટે સરકારના શિક્ષણ વિભાગ દ્વારા અંદાજે ૧ કરોડ ૨૦ લાખનાં ખર્ચે નવું બિલ્ડીંગ જેમાં ૧૦ રૂમો બનાવવામાં આવશે. આ નવનિર્મિત થયેલ બિલ્ડીંગ સાથે શાળામાં બાળકોને ડિજિટલ અને ટેકનોલોજી વાળુ શિક્ષણ મળી રહે તે માટે સુવિધા સભર બિલ્ડીંગ તેમજ સેનિટેશન બ્લોક સરકારશ્રીનાં વિભાગભ દ્વારા મંજુર કરવામાં આવેલ છે. આ નવનિર્માણ પામનાર અત્યાધુનિક સુવિધા સભર બિલ્ડીંગનું ખાતમુર્હૂત લાઠી–બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવીયા તેમજ સાંસદ ભરતભાઈ સુતરીયાનાં વરદ હસ્તે કરવામાં આવેલ હતું. આ ટોડા પ્રાથમિક શાળાનાં નવનિર્મિત થયેલ બિલ્ડીંગનાં ખાતમુર્હુત પ્રસંગે મહાનુભાવો તેમજ ઉદ્યોગપતિની પણ વિશેષ ઉપસ્થિતિ રહી હતી. આ ખાતા મુર્હુત પ્રસંગે ધારાસભ્ય દ્વારા જણાવવામાં આવેલ કે શિક્ષણએ પાયો છે જેમ કોઈ ઈમારતને ઉભી કરવા માટે પાયો મજબૂત જોઈએ તેમ બાળકને ઘડવા માટે શિક્ષણ આપવું એ બાળકનાં ઘડતરનો પાયો છે. બાળકને શ્રેષ્ઠ શિક્ષણ મળી રહીને માટે અને વિદ્યાર્થીઓ માટે શ્રેષ્ઠ શિક્ષણ મળી રહે અને આધુનિક સુવિધાઓ સભર શાળાઓ બને અને પ્રાથમિક શિક્ષણથી જ ટેકનોલોજી વાળુ શિક્ષણ મળી રહે તે માટે કોમ્પ્યુટર વગેરે સુવિધાઓ સભર શિક્ષણ મળી રહે તે માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને ગુજરાત રાજયનાં મૃદુ અને મકકમ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અથાંગ પ્રયત્નો કરી રહયાં છે. ટોડા પ્રાથમિક શાળાનાં ખાતમુર્હુત પ્રસંગે ધારાસભ્ય, જિલ્લા પંચાયત સદસ્યઓ, તાલુકા પંચાયતનાં સદસ્ય, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી, કેળવણી નિરીક્ષક, સર્વ શિક્ષા અભિયાનના એન્જીનીયર ગોસ્વામી, ગ્રામ પંચાયતનાં સરપંચ, ગ્રામ પંચાયતના તમામ સભ્યઓ, તાલુકા શિક્ષણ વિભાગનાં અધિકારઓ, કર્મચારીઓ, પ્રાથમિક શાળાનાં આચાર્ય, શાળાનો સમગ્ર શિક્ષક સ્ટાફ, ગામનાં આગેવાનો, ઉદ્યોગપતિ, શાળાનાં બાળકો સહિત ગ્રામજનો બહોળી સંખ્યામાં હાજર રહયા હતા. કાર્યક્રમને સફળ બનાવવા ટોડા પ્રાથમિક શાળાનાં આચાર્ય તેમજ શાળાનાં સમગ્ર સ્ટાફ દ્વારા ભારે રહેમત ઉઠાવવામાં આવી હતી.

### તાલુકા પંચાયતનાં ઉપપ્રમુખની રજૂઆત

## લીલીયામોટાનાં ખારાપાટ વિસ્તારમાં જમીન સુધારણા માટે જીપ્સન ફાળવવા માંગ

### જિલ્લા વિકાસ અધિકારીને પત્ર પાઠવ્યો

લીલીયા મોટા, તા. ૧૦

લીલીયા મોટા તાલુકા પંચાયતનાં ઉપપ્રમુખ જગદીશભાઈ દેથળીયાએ જિલ્લા વિકાસ અધિકારીને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે લીલીયા તાલુકાના ખારા, સનાળીયા, કલ્યાણપર, કુતાણા, ગુંદરણ, હરીપર, સાજણટીંબા, બોડીયા, ભેંસાણ, હાથીગઢ, ઢાંગલા, ક્રાંકચ તથા અન્ય ગામો ખારાપાટ વિસ્તાર હેઠળના ગામો છે. તેમજ આ ગામોને સરકાર દ્વારા ખારાપાટ વિસ્તાર તરીકે જાહેર કરેલ છે. જે અનુસાર વર્ષોથી આ વિસ્તારના ખેડૂતોને પિયત કરવાથી તેમની જમીન ખરાબ ન થાય તે માટે જીપ્સન ફાળવણી દર વર્ષે કરવામાં આવતી હતી, પરંતુ છેલ્લા પાંચ વર્ષથી આ વિસ્તારના ખેડુતોને જીપ્સન ફાળવણી ખેતીવાડી વિભાગ દ્વારા બંધ કરવામાં આવેલ છે. જેના કારણે આ વિસ્તારોની જમીન જરૂરી પોષક તત્વોના અભાવે જમીન ખારયુ (કડક) થઈ જવાની ખેડૂતોને પારાવાર મુશ્કેલી પડેલ છે અને ભવિષ્યમાં આ જમીનમાં કોઈપણ પ્રકારનું ઉત્પાદન થઈ શકે નહિ તેવી પરિસ્થિતિનું નિર્માણ થયેલ છે. સબબ જીપ્સન ફાળવણીની કોઈપણ પ્રકારના ખેડૂતો તથા લોકોને જાણકારી વગર એકદમ બંધ કરી દેવામાં આવેલ છે, ભવિષ્યમાં આ વિસ્તારની જમીનો ખરાબ ન થવા પામે તે માટે જીપ્સન ફાળવણી સત્વરે થવી જરૂરી છે. અન્યથા સદરહુ બાબતે ગાંધે સિંધ્યા માર્ગે આંદોલન કરવા ફરજ પડશે. તેમ અંતમાં જણાવેલ છે.

### છેલ્લા ૯૦ દિવસથી સમસ્યા યથાવત

## અમરેલીનાં વોર્ડ–૧૦માં આવેલ ગજેરાપરામાં ગટરનાં ગંધાતા પાણીથી પરેશાની

### જનઆરોગ્ય ઉપર ગંભીર ખતરો ઉભો થયો



અમરેલી, તા. ૧૦

અમરેલીનાં વોર્ડ–૧૦માં આવેલ ગજેરાપરામાં ગટરનાં ગંધાતા પાણી જાહેર માર્ગ ઉપર છેલ્લા ૯૦ દિવસથી ભરાતા જન આરોગ્ય ઉપર ગંભીર ખતરો ઉભો થયો હોય પાલિકાનાં શાસકો ગટરનાં પાણીની સમસ્યા દૂર કરે તેવી માંગ ઉભી થઈ છે.

### તાલુકા કોંગી પ્રમુખ નરેશભાઈ દેવાણીની રજૂઆત

## સાવરકુંડલાનાં જનસેવા કેન્દ્રમાં આધારકાર્ડ તેમજ રેશનકાર્ડ ઈ–કેવાયસી કામગીરીને લઈને નારાજગી

### સવારનાં ૫ થી નાગરિકો લાઈનમાં ઉભા રહેવા મજબૂર



સાવરકુંડલા, તા. ૧૦

સાવરકુંડલાનાં જન સેવા કેન્દ્રમાં ઘણા સમયથી લોકોની ફરિયાદ મુજબ જન સેવા કેન્દ્ર તેમજ રેશનકાર્ડમાં હાલમાં સરકાર દ્વારા ઈ–કેવાયસી ફરજીયાત કરવાના આદેશથી આધારકાર્ડ તેમજ રેશનકાર્ડ ધારકો દ્વારા જન સેવા કેન્દ્રમાં ઈ–કેવાયસી કરવા સારૂ વહેલી સવારનાં ૫–૦૦ કલાકથી આવીને લાંબી કતારોમાં ઉભા રહે છે. જેમાં આ જન સેવા કેન્દ્રમાં ઈન્ટરનેટ કનેકિટવિટી નથી મળતી તેમજ લાઈટ તેમજ જનરેટરની સમસ્યા હોવાના કારણે વયોવૃદ્ધ, મહિલાઓ અને નાના બાળકોને ફરજિયાતપણે લાંબી લાઈનોમાં ઉભા રહેવાની ફરજ પડી રહી છે. તેમજ સરકાર દ્વારા ખેડૂતોને પણ ઈ–કેવાયસી કરીને ખેડુતોને ખેડૂત કાર્ડની કામગીરી માટે ખેડૂતોએ તેમના ખેતીકામ છોડીને તેમનો સમય વેડફીને જે તે પંચાયત ઘર ખાતે લાંબી કતારોમાં ઉભા રહેવાની ફરજ પડી રહી છે. આમ આમ જનતા અને ખેડૂતો ઈ–કેવાયસી માટે હેરાન પરેશાન થઈ રહ્યા છે તેમજ પ્રાઈવેટ સેન્ટરમાં પણ લાંબી કતારો અને પૈસા આપવા છતાં લોકોના ઈ–કેવાયસીના કામો થતા નથી. જેથી અમારી લાગણી સહ માંગણી છે કે, આપની કક્ષાએથી આમ જનતા, ખેડૂતો હેરાન ના થાય તે માટે સરકાર તરફથી નવા કેન્દ્ર ઉભા કરીને લોકોને રાહત થાય તેવી વ્યવસ્થા કરવા જણાવેલ. અને આમ જનતા એ ભારતનાં નાગરિક છે અને ગુજરાત રાજયનાં જે તે તાલુકાના રહેવાસી હોય. ત્યારે વર્ષોથી સરકાર અનાજ અને ખેડૂતોને તેમને મળતી સહાય આપવામાં આવતી હોય છે અને દરેક નાગરિકોએ તેમને મળતી સેવાનો લાભ લેવાનો આધિકાર છે. ત્યારે હાલ સરકાર શું સાબિત કરવા માંગે છે ? તાત્કાલિક ધોરણે આધાર અને રેશનકાર્ડમાં ઈ–કેવાયસી અચાનક કેમ જરૂરિયાત ઉભી થવા પામેલ છે? અને આમ જનતા અને ખેડૂતોને અચાનક લાઈનોમાં ઉભા રાખીને શું કરવા માંગે છે તેવા સવાલો સાથે સરકારી તંત્રને પત્ર તાલુકા કોંગ્રેસ સમિતિ પ્રમુખ નરેશભાઈ દેવાણીએ પાઠવેલ છે.

### ગ્રીન ગૃપ એજ્યુકેશન ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા

## ખાંભામાં કડકડતી ઠંડીનાં માહોલમાં જરૂરિયાતમંદોને ગરમ કપડાનું વિતરણ

### જે કોઈને ગરમ કપડાની જરૂરી હોય તેને સંપર્ક કરવા જણાવાયું



તસ્વીર : ભાવિન કલસરિયા–ખાંભા

ખાંભા, તા.૧૦

ખાંભામાં સેવાડાના વિસ્તારમાં જરૂરિયાતમંદ લોકોને અને બાળકોને ગ્રીન ગ્રુપ એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા અને દાતાઓના સાથ અને સહકારથી ગરમ કપડાં અને કરિયાણા કીટ વિતરણ કરાયું હતું તેમજ બાળકોને નાસ્તો કરાવ્યો હતો અને જરૂરિયાતમંદ લોકોને ધાબળા કોર સહિત ગ્રામ વસ્તુ વિતરણ કરાવ્યુ તેમજ બાળકોને નાસ્તો કરે આ ઉપરાંત કરિયાણાની કીટ સહિત વસ્તુનું વિતરણ કરાયો હતો તેમજ ગ્રીન ગ્રુપ એજયુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા અને દાતાઓના સાત સહકારથી આવા અનેક પ્રકારના સેવાકીય પ્રવૃત્તિ કરવામાં આવે છે ત્યારે ગ્રીન ગ્રુપ એજયુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ જરૂરિયાત મંદ લોકોને ગરમ કપડાની જરૂરિયાત હોય તો સંસ્થાનો સંપર્ક કરવો તેવો અનુરોધ કર્યો હતો આ સેવા કાર્યમાં દાતાઓ તેમજ ગ્રીન ગ્રુપના તમામ સભ્યો સહિત સેવા કાર્યમાં જોડાયા હતા.

## સાવરકુંડલા : જિલ્લા ભાજપનાં અગ્રણી શરદ પંડયાનો આજે જન્મદિવસ



સાવરકુંડલા, તા.૧૦

આમ તો જેણે કોલેજકાળથી જ રાજકીય ક્ષેત્રમાં પોતાનું આગવું સ્થાન મજબૂત કર્યું છે તેવાં સાવરકુંડલાનાં બ્રહ્મસમાજનાં અગ્રણી અને ભાજપ સાથે વર્ષોથી સંકળાયેલા શહેરનાં નાનાં માણસોને સાથે લઈ ચાલનાર શરદભાઈ પંડયાનો આજરોજ જન્મ દિવસ હોવાથી શહેરનાં વિવિધ ક્ષેત્રોના અગ્રણીઓ શુભકામના પાઠવી રહ્યા છે. તેમનો સ્વભાવ ખૂબ જ મિલનસાર હોવાથી શહેરનાં લોકોનાં પ્રશ્નોને પણ ખૂબ જ નજીકથી જાણનાર અને લોકોનાં કામ કરવા માટે અથાંગ પ્રયાસ પણ કરતાં જોવા મળે છે શહેરની વિવિધ સંસ્થાઓ સાથે પણ સંકળાયેલા હોવાથી તેમનો એક વિશાળ ચાહક વર્ગ પણ ધરાવે છે. વળી એકંદરે ખૂબ સીધા સાદા અને સરળ સ્વભાવની તેમની જીવનશૈલી લોકોમાં ખાસ્સી લોકપ્રિય છે.

આજરોજ તેઓ ઓગણ પચાસ વર્ષ પૂર્ણ કરીને પચાસમાં વર્ષમાં મંગલ પ્રવેશ કરેલ છે. તેમનું જીવન દીર્ઘાયુ, યશસ્વી નિરોગી અને સુખ સમૃદ્ધિ સભર રહે અને લોકોનાં કાર્યો પણ સતત કરતાં રહે તેવી અભિલાષા સહ જન્મદિવસ મુબારક.


પેન્ટ-શર્ટનું કાપડ ખરીદવા માટેનું વિશ્વાસપાત્ર સ્થળ...
(બાબરાવાળા)
આનંદ કલોથ સ્ટોર
હરિ રોડ, અમરેલી. મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪




ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦












### ખેડૂત આંદોલનને લઈને મોટા સમાચાર

# શંભુ બોર્ડર પર બેઠેલા ખેડૂતોએ ફરી એકવાર દિલ્હી કૂચનું એલાન કર્યુ

**ખેડૂત નેતા સરવણ સિંહ પંઢેરે મંગળવારે પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું કે, હવે અમે ૧૪ ડિસેમ્બરે દિલ્હી તરફ કૂચ કરીશું. અમારા પ્રદર્શનને ૩૦૩ દિવસ પૂરા થઈ ચૂક્યા છે**

પંજાબ,તા.૧૦

શંભુ બોર્ડર પર બેઠેલા ખેડૂતોએ ફરી એકવાર દિલ્હી કૂચનું એલાન કર્યું છે. ખેડૂત નેતા સરવણ સિંહ પંઢેરે મંગળવારે પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું કે, હવે અમે ૧૪ ડિસેમ્બરે દિલ્હી તરફ કૂચ કરીશું. અમારા પ્રદર્શનને ૩૦૩ દિવસ પૂરા થઈ ચૂક્યા છે અને ખેડૂતોના આમરણ ઉપવાસ પણ ૧૫માં દિવસ પર પહોંચી ગયા છે. અમે હંમેશા વાતચીતનું સ્વાગત કર્યું છે, પરંતુ સરકાર તરફથી કોઈએ અમારો સંપર્ક નથી કર્યો.

તેમણે કહ્યું કે, બંને સંગઠનોએ નક્કી કર્યું છે કે અમે ૧૪ ડિસેમ્બરે ૧૦૧ ખેડૂતોને મોકલીશું. આવતીકાલે અમે ખેડૂતોના આંદોલનની સફળતા માટે પ્રાર્થના કરીશું. અમે એ ખેડૂતોને મુક્ત કરવાની માંગ કરીએ છીએ જેમની વિરોધ પ્રદર્શન દરમિયાન ધરપકડ કરવામાં આવી હતી અથવા અટકાયત કરવામાં આવી હતી. હું અમારા ફિલ્મ સ્ટાર્સ, સિંગર અને ધાર્મિક નેતાઓને પણ વિનંતી કરવા માગુ છું કે કૃપા કરીને પ્રદર્શન કરતા અમારા વિરોધનો પ્રચાર કરો. આ પહેલા સંયુક્ત કિસાન મોરચા (બિન-રાજકીય) અને કિસાન મજદૂર મોરચાના બેનર હેઠળ ૧૦૧ ખેડૂતોના જૂથે ૬ અને ૮ ડિસેમ્બરે પગપાળા દિલ્હી જવાના બે વખત પ્રયાસો કર્યા હતા, પરંતુ હરિયાણાના સુરક્ષા કર્મચારીઓએ તેમને આગળ વધવા નહોતા દીધા. આ દરમિયાન ખેડૂતો અને સુરક્ષા દળો વચ્ચે ઘર્ષણ જેવી સ્થિતિ સર્જાઈ હતી, ત્યારબાદ ખેડૂતોને પાછળ ધકેલવા માટે ટીયર ગેસના શેલનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ દરમિયાન ઘણા ખેડૂતો ઘાયલ પણ થયા હતા.પંજાબ-હરિયાણાના શંભુ બોર્ડર પર ખેડૂતો પોતાની માંગણીઓને લઈ ઉગ્ર દેખાવો કરી રહ્યા છે. ખેડૂતો બોર્ડર પર શુક્રવારથી દેખાવ-પ્રદર્શનો સાથે દિલ્હી કૂચ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે

### RJD તરફથી કોંગ્રેસને ઝટકો

# મમતા બેનરજીને નેતા બનાવવા જોઈએઃ RJD નેતા લાલુ યાદવ

**તૃણમૂલ કોંગ્રેસના વડા મમતા બેનરજી સહિત ઈન્ડિયા બ્લોકના કોઈપણ વરિષ્ઠ નેતા દ્વારા ગઠબંધનનું નેતૃત્વ કરવા પર કોઈ વાંધો નથી**

નવી દિલ્હી,તા.૧૦

RJD નેતા લાલુ પ્રસાદ યાદવે INDIA બ્લોકમાં નેતૃત્વને લઈને ચાલી રહેલી તકરારને લઈને આજે મંગળવારે મોટું નિવેદન આપ્યું છે. RJD નેતા લાલુ પ્રસાદ યાદવે કહ્યું કે, પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીને INDI ગઠબંધનના નેતાની કમાન મમતા બેનરજીને સોંપવામાં આવે. કોંગ્રેસના વિરોધનો કોઈ અર્થ નથી. મમતાને નેતા બનાવવા જોઈએ. આ દરમિયાન લાલુ પ્રસાદ યાદવે ભારપૂર્વક કહ્યું કે, બિહારમાં આગામી ચૂંટણીમાં તેમની પાર્ટી સત્તામાં આવશે. આ પહેલા બિહારના પૂર્વ નાયબ મુખ્યમંત્રી અને RJDના નેતા તેજસ્વી યાદવે કહ્યું હતું કે, તેમને તૃણમૂલ કોંગ્રેસના વડા મમતા બેનરજી સહિત ઈન્ડિયા બ્લોકના કોઈપણ વરિષ્ઠ નેતા દ્વારા ગઠબંધનનું નેતૃત્વ કરવા પર કોઈ વાંધો નથી, તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે આ નિર્ણય પર સર્વસંમતિ સુધી પહોંચી જવું જોઈએ.

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ તાજેતરની હરિયાણા અને મહારાષ્ટ્રની ચૂંટણીમાં INDIA બ્લોકના ખરાબ પ્રદર્શન પર અસંતોષ વ્યક્ત કર્યો છે અને સંકેત આપ્યો છે કે, જો તક આપવામાં આવે તો તેઓ INDI ગઠબંધનનો હવાલો લેવા તૈયાર છે.

તૃણમૂલ કોંગ્રેસસુપ્રીમોએ કહ્યું કે, તેઓ બંગાળના મુખ્ય પ્રધાન તરીકે તેમની ભૂમિકા ચાલુ રાખીને વિપક્ષી મોરચો ચલાવવાની બેવડી જવાબદારી સંભાળી શકે છે. મમતા બેનરજીએ કહ્યું કે, ''મેં INDIA બ્લોકની રચના કરી હતી, હવે તેનું સંચાલન કરવાની જવાબદારી મોરચાનું નેતૃત્વ કરનારાઓની છે. જો તેઓ તેને ચલાવી ન શકે તો હું શું કરી શકું? હું માત્ર એટલું જ કહીશ કે આપણે બધાને સાથે લઈને ચાલવું પડશે.''

જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે એક મજબૂત ભાજપ વિરોધી દળ તરીકેની પ્રતિષ્ઠા હોવા છતાં તે શા માટે INDIA બ્લોકનો હવાલો નથી લઈ રહ્યા? આના પર બેનરજીએ કહ્યું કે, જો મને તક મળશે તો હું તેનું સુચારુ કામ સુનિશ્ચિત કરીશ. હું બંગાળની બહાર જવા માંગતી નથી, પરંતુ હું તેને અહીંથી ચલાવી શકું છું.''

બિહાર પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ અખિલેશ પ્રસાદ સિંહે કહ્યું કે, મમતા બેનરજીની પાર્ટી બંગાળ સુધી મર્યાદિત છે અને રાષ્ટ્રીય પરિપ્રેક્ષ્યમાં મમતા મમતા બેનરજીની પાર્ટી અને તેમનું વ્યક્તિત્વ એટલું મોટું નથી. તે જ સમયે, શિવસેના UBT સાંસદ સંજય રાઉતે કહ્યું કે, અમે મમતા બેનરજીનો અભિપ્રાય જાણીએ છીએ. અમે ઈચ્છીએ છીએ કે મમતા અમારી સાથે રહે. અમે બધા સાથે છીએ. જો કોઈ તફાવત હોય તો પણ નાના-મોટા છે. અમે કોલકાતા જઈશું અને મમતા બેનરજી સાથે આ અંગે વાત કરીશું. આ પહેલા સપાએ પણ મમતા બેનરજીના નામ પર સહમતિ દર્શાવી હતી.

### ત્રીજા લેવલનું એલર્ટ જારી, લોકોને હટાવી રહ્યાં છે

# ફિલિપાઈન્સમાં ફાટ્યો જ્વાળામુખી, ૮૭ હજાર લોકોનું કરાયું રેસ્ક્યૂ

**આ નેગ્રોસ ઓક્સિડેન્ટલ અને નેગ્રોસ ઓરિએન્ટલ પ્રાંતની વચ્ચે હાજર છે અગાઉ આ જ્વાળામુખી આ વર્ષે ૩ જૂને અને ડિસેમ્બર ૨૦૧૭માં ફાટ્યો હતો**

ફિલિપાઈન્સ,તા.૧૦

મધ્ય ફિલિપાઈન્સમાં હાજર કાનલાઓન જ્વાળામુખી ૯ ડિસેમ્બર ૨૦૨૪માં ફાટ્યો. જેના કારણે રાખના ગોટેગોટા ત્રણ કિલોમીટર ઉપર સુધી ગયા. ફિલિપાઈન ઈન્સ્ટીટ્યુટ ઓફ વોલ્કેનોલોજી એન્ડ સિસ્મોલોજી ના અનુસાર આ હજુ વધુ વિસ્ફોટ કરી શકે છે. આગામી થોડા દિવસો સુધી જોખમ અકબંધ છે. થર્મલ અને એક્સરે કેમેરા મોનિટર્સ અનુસાર ગરમ લાવા અને પથ્થરનું ઘનત્વ ખૂબ વધુ છે. પહાડના શિખરથી ભારે પ્રમાણમાં ગરમ રાખ અને કીચડ નીકળીને આવી રહ્યો છે. આ સેંકડો ફૂટ પ્રતિ સેકન્ડની ગતિથી નીચે આવી રહ્યું છે. ફિલિપાઈન્સના સિવિલ ડિફેન્સ ઓફિસે ૮૭ હજાર લોકોને સુરક્ષિત સ્થળો પર પહોંચવાનું કામ શરૂ કરી દીધું છે.PHIVOLCS અનુસાર આ જ્વાળામુખી હજુ શાંત થયો નથી. ભવિષ્યમાં કોઈ પણ સમય ફાટી શકે છે. આ જ્વાળામુખી દેશના બે ડઝન સક્રિય જ્વાળામુખીઓમાંનો એક છે. આ નેગ્રોસ ઓક્સિડેન્ટલ અને નેગ્રોસ ઓરિએન્ટલ પ્રાંતની વચ્ચે હાજર છે. અગાઉ આ જ્વાળામુખી આ વર્ષે ૩ જૂને અને ડિસેમ્બર ૨૦૧૭માં ફાટ્યો હતો.છેલ્લા વિસ્ફોટ બાદ વિસ્તારમાં ઘણા દિવસો સુધી લોકો પાછા આવ્યા નહોતા. આ રોકાઈ-રોકાઈને ફાટી રહ્યો હતો. ત્યારથી સતત આમાંથી ઝેરીલા ગેસ અને ગરમ રાખ નીકળી રહી હતી. ખાસકરીને ૧૯ ઓક્ટોબર બાદથી. આ પહાડની આસપાસના વિસ્તારોમાં દરરોજ પથી ૨૬ વખત ભૂકંપના આંચકા અનુભવાઈ રહ્યાં છે.હાલ આ જ્વાળામુખીના કારણે આસપાસના વિસ્તારોમાં ત્રીજા લેવલનું એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે એટલે કે એક અઠવાડિયાની અંદર આમાં ફરીથી મોટો વિસ્ફોટ થવાની શંકા છે. આગામી સ્કેલ ચોથા સ્તરનું એલર્ટ હશે. સતત થનારા વિસ્ફોટ અને સૌથી સીરિયસ ટાઈપ હોય છે પાંચમાં સ્તરનું એલર્ટ એટલે કોઈ પણ કલાક કે દિવસમાં તેનો વિસ્ફોટ થઈ શકે છે.

### ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડનો નિર્ણય

# ધૂળેટીની રજા ૧૩ માર્ચે હોવાથી ધો.૧૨ની પરીક્ષાની તારીખમાં ફેરફાર કરાયો

**ભૂગોળની પરીક્ષા ૭ માર્ચના સ્થાને ૧૨ માર્ચ યોજાશે. સામાજિક વિજ્ઞાન, ચિત્રકામ અગ્રિકલચર સહિતના વિષય પરીક્ષા ૧૫ માર્ચે યોજાશે**

અમદાવાદ,તા.૧૦

ધોરણ ૧૨ની પરીક્ષાની તારીખમાં ફેરફારના સમાચાર સામે આવ્યા છે. આ અંગે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડ દ્વારા નિર્ણય લેવાયો છે. ધૂળેટીની રજા ૧૩ માર્ચે હોવાથી પરીક્ષા તારીખમાં ફેરફાર કરાયો છે. ભૂગોળની પરીક્ષા ૭ માર્ચના સ્થાને ૧૨ માર્ચ યોજાશે. સામાજિક વિજ્ઞાન, ચિત્રકામ અગ્રિકલચર સહિતના વિષય પરીક્ષા ૧૫ માર્ચે યોજાશે. ૧૩ તારીખે આયોજિત ફારસી, સંસ્કૃત, અરબી, પ્રકૃતની પરીક્ષા ૧૭ માર્ચે યોજાશે.

અગામી ફેબ્રુઆરી અને માર્ચ ૨૦૨૫માં ગુજરાત બોર્ડ દ્વારા પરીક્ષા લેવામાં આવશે. અગાઉ ૨૭ ફેબ્રુઆરીથી ૧૩ માર્ચ સુધી પરીક્ષાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં હવે ઉપર મુજબના ફેરફાર કરવામાં આવ્યા છે. મહત્વનું છે કે દર વર્ષની સરખામણીએ આ ચાલુ વર્ષે વિદ્યાર્થીઓની બોર્ડની પરીક્ષા વહેલી લેવામાં આવશે.ધોરણ ૧૦ અને ૧ ૨ સામાન્ય પ્રવાહ તેમજ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા ૨૭ ફેબ્રુઆરીથી શરૂ થવાની છે. જ્યારે સામાન્ય પ્રવાહની પરીક્ષા ૧૩ માર્ચે પૂરી થવાની હતી, જે હવે ૧૭ માર્ચે પૂરી થશે. ધોરણ ૧૦માં પ્રથમ પેપર ભાષાનું રાખવામાં આવ્યું છે. ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓ માટેનો સમય ૧૦થી ૧.૧૫ સુધીનો રહેશે. જ્યારે ધો.૧૨ના વિદ્યાર્થીઓ માટેનો સમય ૩થી ૬.૧૫ સુધીનો હશે. ઉલ્લેખનીય છે કે, બોર્ડની પરીક્ષા પૂરી થયા પછી ગુજકેટની પરીક્ષા લેવામાં આવશે. ગુજકેટની પરીક્ષાની તારીખ પણ અગાઉ જાહેર કરી દેવામાં આવી હતી. ૨૩ માર્ચે વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓની ગુજકેટની પરીક્ષા લેવાશે. જેમાં સવારના ૧૦ વાગ્યાથી લઈને સાંજના ૪ વાગ્યા સુધી વિવિધ એક્ઝામ સેન્ટર પર આ પરીક્ષા યોજાશે. સમગ્ર મામલે ગુજરાત બોર્ડની વેબસાઈટ પર દરેક પરીક્ષાનો કાર્યક્રમ જાહેર કરી દેવામાં આવ્યો છે. જેમાં વિદ્યાર્થીઓ ત્યાં જઈને વિગતવાર પરીક્ષાનો કાર્યક્રમ જોઈ શકશે

### કેજરીવાલ દિલ્હીના ઓટો ડ્રાઈવરો પર મહેરબાન

# AAP સરકાર દીકરીના લગ્ન પર ૧ લાખ અને ૧૦ લાખ રૂપિયાનો જીવન વીમો આપશે

**ઓટો માલિકો માટે ૫ લાખ રૂપિયાનો અકસ્માત વીમો અને ૧૦ લાખ રૂપિયાનો જીવન વીમો આપવાનું વચન આપ્યું છે**

નવીદિલ્હી,તા.૧૦

દિલ્હીની 'આપ' સરકારે ઓટો ચાલકોને ખૂબ જ સારા સમાચાર આપ્યા છે. જ્યાં સરકારે દિલ્હીના ઓટો ડ્રાઈવરો માટે પોતાની તિજોરી ખોલી દીધી છે. સરકારે જાહેરાત કરી છે કે સરકાર હવે દિલ્હીના ઓટો ડ્રાઈવરની દીકરીઓને તેમના લગ્ન પર ૧ લાખ રૂપિયા આપશે. હોળી અને દિવાળી જેવા પ્રસંગોએ તેમના યુનિફોર્મ માટે ૨૫૦૦ રૂપિયા આપવાની પણ જાહેરાત કરવામાં આવી છે. આ સિવાય દિલ્હી સરકારે પોતાનું મોટું દિલ બતાવ્યું છે અને ઓટો માલિકો માટે ૫ લાખ રૂપિયાનો અકસ્માત વીમો અને ૧૦ લાખ રૂપિયાનો જીવન વીમો આપવાનું વચન આપ્યું છે. સરકારે ઓટો ચાલકો અને તેમના પરિવારજનોની સંપૂર્ણ કાળજી લીધી છે. જેમાં દિલ્હી સરકારે ઓટો ડ્રાઈવર્સના બાળકોને ફ્રી કોચિંગ આપવાનું વચન આપ્યું છે અને પૂછો એપને ફરીથી શરૂ કરવાનું કહ્યું છે.

ઓટો ડ્રાઈવરો પર ભેટો વરસાવતા આમ આદમી પાર્ટીના વડા અરવિંદ કેજરીવાલે કહ્યું કે ઓટો ડ્રાઈવરો સાથે મારો સંબંધ ઘણો જૂનો છે.

જ્યારે કોંગ્રેસ સરકાર ઓટો ચાલકોને પરેશાન કરતી હતી ત્યારે હું પહેલો નેતા હતો જેણે રામલીલા મેદાનમાં ઓટો ડ્રાઈવરો સાથે બેઠક કરી હતી. ગઈકાલે પણ મેં ઓટો ડ્રાઈવરો સાથે બેઠક કરી હતી. ત્યારપછી ઓટો ડ્રાઈવર નવનીતે મને તેના ઘરે જમવા બોલાવ્યો હતો.

### વહિવટી ઘટના કારણે દોષિત કેદી ફાંસીની ડર સાથે જીવે, તે યોગ્ય નથી

# જેલોમાં બંધ કેદીઓ મુદ્દે સુપ્રીમ કોર્ટનો મોટો નિર્ણય, ફાંસીની સજા અંગે જાહેર કર્યા નવા નિર્દેશ

**સરકાર અથવા કોર્ટ દ્વારા વિલંબ કરવામાં આવે તો ફાંસીની સજામાં આજીવન કેદનો આધાર બની શકે છે**

નવીદિલ્હી,તા.૧૦

આજે સુપ્રીમ કોર્ટમાં વર્ષ ૨૦૦૭ના પુણે બીપીઓ કર્મચારી દ્વારા મહિલાનો રેપ બાદ હત્યા કરાયાના કેસની સુનાવણી હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન કોર્ટે ફાંસીની સજા અંગે મહત્ત્વના નિર્દેશ જાહેર કર્યા છે. કોર્ટે કહ્યું છે કે, 'જે કેદીઓને ફાંસીની સજા અપાઈ છે, તેમનો કાયદાકીય વિકલ્પ સમાપ્ત થઈ જાય અથવા તેમના દ્વારા વિકલ્પોનો ઉપયોગ ન કરવામાં આવે તો સરકાર અથવા સેશન્સ કોર્ટે ફાંસી આપવામાં વિલંબ ન કરવો જોઈએ. સરકાર અથવા કોર્ટ દ્વારા વિલંબ કરવામાં આવે તો ફાંસીની સજામાં આજીવન કેદનો આધાર બની શકે છે. વહિવટી ઘટના કારણે દોષિત કેદી ફાંસીની ડર સાથે જીવે, તે યોગ્ય નથી.'પુણેમાં વર્ષ ૨૦૦૭માં બીપીઓ કર્મચારી દ્વારા એક મહિલા પર દુષ્કર્મ આચરાયા બાદ હત્યા કરાઈ હતી, જેમાં બોમ્બે હાઈકોર્ટે બે દોષિતોની ફાંસીની સજાને આજીવન કેદમાં ફેરવવાનો નિર્ણય કર્યો હતો. આ મામલે સુપ્રીમ કોર્ટે બોમ્બે હાઈકોર્ટના આદેશને યથાવત્ રાખવાની સાથે નવા નિર્દેશો જાહેર કર્યા છે. વર્ષ ૨૦૧૯માં બોમ્બે હાઈકોર્ટે આરોપી પુરુષોત્તમ બોરાટે અને પ્રદીપ કોકડેની દયા અરજીના નિકાલમાં બે વર્ષનો સમય લાગ્યો હોવાના કારણે તેમની ફાંસી સજા માફ કરી દીધી હતી. કોર્ટે ફાંસીની સજાના બદલે ૩૫ વર્ષ જેલમાં રહેવાની સજા જાહેર કરી હતી.

બીપીઓના કોન્ટ્રાક્ટ પર કામ કરી રહેલા કેબ ડ્રાઈવર બોરાટે અને કોકડેએ ૨૦૦૭માં કેબમાં બેઠેલી ૨૨ વર્ષની મહિલા કર્મચારી પર દુષ્કર્મ આચર્યા બાદ તેની હત્યા કરી દીધી હતી. આ મહિલા ઓફિસ જવા માટે નીકળી હતી. આ કેસમાં સેશન્સ કોર્ટે અને હાઈકોર્ટ બાદ સુપ્રીમ કોર્ટે પણ બંનેને ફાંસીની સજા આપી હતી, પરંતુ બંનેની દયા અરજી રાજ્યપાલ અને રાષ્ટ્રપતિ પાસે બે વર્ષથી પેન્ડિંગ હતી. ત્યારબાદ હાઈકોર્ટે પેન્ડિંગ મામલાને આધાર બનાવી તેઓની ફાંસી અટકાવી દીધી હતી.હવે મહારાષ્ટ્ર સરકારની અપીલને ફગાવીને ન્યાયાધીશ અભય ઓકા, અહસાનુદ્દીન અમાનુલ્લાહ અને ઓગસ્ટિન જ્યોર્જ મસીહની સુપ્રીમ કોર્ટની બેન્ચે ભવિષ્ય માટે અનેક નિર્દેશો જારી કર્યા છે. કોર્ટે કહ્યું છે કે, પુષ્ટિ બાદ ફાંસી આપવામાં વિલંબ કરવો અયોગ્ય છે. મોતના ડર સાથે કેદીને જીવતો રાખવો એ જીવનના મૂળભૂત અધિકારનું ઉલ્લંઘન છે. જો આવું થાય તો ગુનેગાર સુપ્રીમ કોર્ટમાં અરજી કરી શકે છે. આવી સ્થિતિમાં સુપ્રીમ કોર્ટ જોશે કે શું ખરેખર મોડું થઈ ગયું છે? જો હા, તો કયા સંજોગોમાં આ બન્યું? દયાની અરજી રાજ્યપાલ કે રાષ્ટ્રપતિ પાસે લાંબા સમયથી પેન્ડિંગ રાખવી યોગ્ય નથી. દરેક રાજ્યના ગૃહ વિભાગ અથવા જેલ વિભાગે કેદીઓની દયા અરજીનો ઝડપી નિકાલ સુનિશ્ચિત કરવા માટે અલગ-અલગ સેલ બનાવવી જોઈએ. હાઈકોર્ટમાંથી ફાંસીની પુષ્ટિ થયા બાદ સેશન્સ કોર્ટે કેસની આગળની કાર્યવાહી માટે લિસ્ટ કરે. તેઓ સરકારમાંથી માહિતી મેળવે કે, શું શું દોષિતે આગળ અપીલ કરી છે. જો ન કરી હોય તો ફાંસીની તારીખ નક્કી કરે. આવી જ રીતે સુપ્રીમ કોર્ટ સજા યથાવત રાખે અથવા દયાની અરજી ફગાવી દે, ત્યારબાદ જ સેશન્સ કોર્ટે શક્ય તેટલી વહેલી તકે આગળની કાર્યવાહી કરવી જોઈએ. ડેથ વોરંટ જારી કરતા પહેલા કેદીને નોટિસ આપવી જોઈએ ડેથ વોરંટ મેળવનાર કેદી અને ફાંસીની તારીખ વચ્ચે ઓછામાં ઓછું ૧૫ દિવસનું અંતર હોવું જોઈએ. જો કેદી માંગ કરે તો તેને મફત કાનૂની સહાય પૂરી પાડવી જોઈએ

### મુસ્તફાબાદ બેઠક પરથી તાહિર હુસૈનને ટિકિટ આપવામાં આવી

# દિલ્હી રમખાણોના આરોપીને AIMIMએ બનાવ્યો પોતાનો ઉમેદવાર

નવીદિલ્હી,તા.૧૦

અસદુદ્દીન ઓવૈસીની પાર્ટી AIMIMએ દિલ્હી રમખાણોના આરોપી તાહિર હુસૈનને આવતા મહિને દિલ્હીમાં યોજાનારી વિધાનસભા ચૂંટણી માટે તેના ઉમેદવાર તરીકે મેદાનમાં ઉતાર્યા છે. મુસ્તફાબાદ બેઠક પરથી તાહિર હુસૈનને ટિકિટ આપવામાં આવી છે. ફેબ્રુઆરી ૨૦૨૨માં દિલ્હીમાં રમખાણો થયા હતા. દિલ્હી પોલીસે તેની ચાર્જશીટમાં તાહિર હુસૈન અને અન્ય ૧૪ લોકો સામે રમખાણો અને હિંસા ફેલાવવાના આરોપો મૂક્યા હતા. રમખાણોમાં આરોપી તરીકેનું નામ બહાર આવ્યા બાદ આમ આદમી પાર્ટીએ તાહિર હુસૈનને પાર્ટીમાંથી સસ્પેન્ડ કરી દીધા હતા. તાહિર હુસૈન ત્યારે મ્યુનિસિપલ કાઉન્સિલર હતા.પોલીસ ચાર્જશીટમાં તાહિર હુસૈનને રમખાણોનો માસ્ટરમાઈન્ડ ગણાવવામાં આવ્યો હતો. પોલીસે ચાર્જશીટમાં કહ્યું હતું કે, તાહિર હુસૈને હિંસા ભડકાવી હતી, રમખાણોનું કાવતરું ઘડ્યું હતું અને રમખાણોનું આયોજન કરવા માટે પૈસા પણ ખર્ચ્યા હતા.પોલીસે કરકરડૂમા કોર્ટમાં દાખલ ચાર્જશીટમાં કહ્યું હતું કે, ઉત્તર દિલ્હીના ચાંદ બાગ વિસ્તારમાં થયેલા રમખાણોમાં તાહિર હુસૈનની મહત્ત્વની ભૂમિકા હતી. જોકે તાહિર હુસૈને કહ્યું હતું કે,તે નિર્દોષ છે.આવતા મહિને દિલ્હીમાં વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે. આમ આદમી પાર્ટીએ ૨૦૧૫ અને ૨૦૨૦ની વિધાનસભા ચૂંટણીમાં મોટા માર્જિનથી જીત મેળવી હતી. ૨૦૧૩ની વિધાનસભા ચૂંટણીમાં પાર્ટીએ કોંગ્રેસ સાથે મળીને સરકાર બનાવી, પરંતુ આ સરકાર માત્ર ૪૯ દિવસ જ ચાલી શકી અને કેજરીવાલના રાજીનામાને કારણે પડી ગઈ.બીજી તરફ ભાજપ અરવિંદ કેજરીવાલને દિલ્હીમાં સત્તા પરથી હટાવવા માંગે છે. ૨૦૧૫ અને ૨૦૨૦ની ચૂંટણીમાં દિલ્હી બીજેપીના રાજ્ય નેતૃત્વ અને રાષ્ટ્રીય નેતૃત્વએ શ્રેષ્ઠ પ્રયાસ કર્યા હતા. ખુદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહમંત્રી અમિત શાહ સહિત ઘણા મોટા નેતાઓએ પાર્ટીના ઉમેદવારો માટે જોરશોરથી પ્રચાર કર્યો હતો પરંતુ પાર્ટી જીત નોંધાવી શકી ન હતી.

### હર કદમ મહાકુંભ કી ઓર

# ઉત્તરપ્રદેશના પ્રયાગરાજમાં ૧૨ વર્ષે મહાકુંભનું આયોજન

**કરોડોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ આવતા હોય છે આ તમામ વ્યક્તિની ગણતરી માટે ત્રણ ખાસ ટેકનિકલ પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવશે**

લખનૌ,તા.૧૦

ઉત્તર પ્રદેશના પ્રયાગરાજ ખાતે કુંભમેળો ૨૦૨૫ યોજાશે. આગામી ૧૩ જાન્યુઆરીથી ૨૬ ફેબ્રુઆરી સુધી ચાલનારા મહાકુંભમાં કરોડો હિંદુઓ આસ્થાની ડૂબકી લગાવશે. કુંભમેળામાં આવનાર ભક્તો માટે યોગી સરકાર દ્વારા કરવામાં આવેલી વ્યવસ્થા અને તૈયારીઓ અંગે યુપી સરકારના મંત્રીઓએ અમદાવાદમાં પત્રકાર પરિષદ યોજી હતી. પ્રયાગરાજમાં ગંગા, યમુના અને સરસ્વતી નદીઓના સંગમના પવિત્ર કિનારે માનવતાના અમૂર્ત સાંસ્કૃતિક વારસા તરીકે મહાકુંભની ઉજવણી થશે. દાવો છે કે ૧૨ વર્ષના અંતરાલ પછી ફરી એકવાર પ્રયાગની પવિત્ર ભૂમિ પર મહાકુંભ યોજાશે. પ્રયાગરાજ મહાકુંભ-૨૦૨૫માં કરોડોની સંખ્યામાં યાત્રાળુઓ, સંતો, સાધુઓ અને પ્રવાસીઓ આવે તેવો દાવો છે. કુંભ મેળામાં ભક્તો માટે સ્નાન વ્યવસ્થા માટે ૩૫ ઘાટો અને ૯ નવા ઘાટો બનાવવામાં આવ્યા છે.

૧૨ કિલોમીટર વિસ્તારમાં ફેલાયેલાં તમામ ૪૪ ઘાટો પર ફૂલ વરસાવવામાં આવશે. મુંબઈના મરીન ડ્રાઈવના આકારમાં ગંગા નદીના કિનારે ૧૫.૨૫ કિલોમીટર વિસ્તાર પર નદી કિનારાનો વિકાસ કરવામાં આવ્યો છે. જે સંગમથી નાગવસુકી મંદિર, સુદર્શનથી છટનગ અને કર્સન બ્રિજથી મહાવીર પુરી સુધી વિસ્તાર છે.કરોડોની સંખ્યામાં ભક્તો પ્રયાગરાજ મહાકુંભ-૨૦૨૫માં ભાગ લેશે. દરેક વ્યક્તિની ગણતરી કરવા માટે ત્રણ ટેકનિકલ પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવશે. પ્રથમ પદ્ધતિ એ એટ્રિબ્યૂટ-આધારિત શોધ છે.. જેમાં વ્યક્તિના ગુણધર્મોની શોધ માટે કેમેરાની મદદથી ટ્રેકિંગ કરવામાં આવશે. બીજી પદ્ધતિ RFID રિસ્ટ બેન્ડ છે, જે ભક્તોને આપવામાં આવશે. આ રિસ્ટ બેન્ડ દ્વારા RFID રીડર દ્વારા પ્રવેશ અને નીકળવા સમયની ગણતરી કરવામાં આવશે. ત્રીજી પદ્ધતિ મોબાઈલ એપ્લિકેશન ટ્રેકિંગ છે, જેમાં શ્રદ્ધાળુઓની સંમતિથી તેમની લોકેશન GPS દ્વારા મોબાઈલ એપ્લિકેશન દ્વારા ટ્રેક કરવામાં આવશે

### તબીબી ભથ્થાં મુદ્દે કર્મચારીઓએ સરકાર સામે બાંયો ચઢાવી

# ગુજરાત નગરપાલિકા કર્મચારી મહામંડળે રાજ્ય સરકારને અલ્ટીમેટમ આપ્યુ

**રાજ્યની ૧૫૭ નગરપાલિકા કર્મચારીઓ હડતાળ પાડશે જેથી પાણી, વીજળી અને સફાઈની કામગીરી ખોરવાઈ શકે છે**

અમદાવાદ,તા.૧૦

ગુજરાતની ૧૫૭ નગરપાલિકામાં હડતાળની ચીમકી આપી છે. જેમાં તબીબી ભથ્થાનો લાભ ન મળતાં નગરપાલિકાના કર્મચારીઓ હડતાળની તૈયારીઓ કરી રહ્યાં છે.

બોર્ડ નિગમના કર્મચારીઓને તબીબી ભથ્થાનો લાભ આપવામાં આવી રહ્યો છે, જ્યારે રાજ્યની નગરપાલિકાના કર્મચારીઓ આ સરકારી લાભથી વંચિત રહ્યાં છે. ગુજરાત નગરપાલિકા કર્મચારી મહામંડળે રાજ્ય સરકારને અલ્ટીમેટમ આપ્યુ છે કે, 'જો નિર્ણય નહી લેવાય તો, રાજ્યની ૧૫૭ નગરપાલિકા કર્મચારીઓ હડતાળ પાડશે જેથી પાણી, વીજળી અને સફાઈની કામગીરી ખોરવાઈ શકે છે.' રાજ્યના બોર્ડ નિગમના કર્મચારીઓને તબીબી ભથ્થુ એક હજાર રૂપિયા ચૂકવવામાં આવે છે. જ્યારે નગરપાલિકાના કર્મચારીઓને તબીબી ભથ્થા પેટે ૧૦૦ રૂપિયા અપાય છે. પાલિકા કર્મચારી મહામંડળે એવી ચિમકી ઉચ્ચારી છે કે, જો ૩૦મી ડિસેમ્બર સુધી તબીબી ભથ્થાનો વધારો કરવા સરકાર નિર્ણય નહીં લે તો, રાજ્યમાં ૧૫૭ નગરપાલિકાના કર્મચારીઓ હડતાળ પર ઉતરી જશે.

# BRS નેતાની જર્મન નાગરિકતાને લઈને ચાલી રહેલો વિવાદ સમાપ્ત

નવી દિલ્હી,તા.૧૦, ભારતીય રાષ્ટ્ર સમિતિ (બીઆરએસ) ના નેતાની જર્મન નાગરિકતાને લઈને ચાલી રહેલો વિવાદ સમાપ્ત થયો છે. તેલંગાણા હાઈકોર્ટે ચેન્નમનેની રમેશને જર્મન નાગરિક જાહેર કરીને તેમની ભારતીય નાગરિકતા રદ કરી દીધી છે. ૩૦ લાખનો દંડ પણ ફટકારવામાં આવ્યો છે. હાઈકોર્ટનો આ ચુકાદો કોંગ્રેસ નેતા આદિ શ્રીનિવાસની ફરિયાદ પર આવ્યો છે. હાઈકોર્ટે કહ્યું હતું કે રમેશ જર્મન દૂતાવાસ પાસેથી પ્રમાણપત્ર મેળવી શક્યો ન હતો કે તે જર્મન નાગરિક નથી.હાઈકોર્ટે કહ્યું કે રમેશે પોતાની જર્મન નાગરિકતા છુપાવી હતી અને ચૂંટણી પંચને ખોટા દસ્તાવેજો જમા કરાવીને વિધાનસભાની ચૂંટણી લડી હતી. જેથી તેની ભારતીય નાગરિકતા રદ કરવામાં આવે છે અને તેને ૩૦ લાખ રૂપિયાનો દંડ ભરવો પડશે. તેમાંથી ૨૫ લાખ રૂપિયા કોંગ્રેસ નેતા આદિ શ્રીનિવાસને આપવા પડશે. ઉપરાંત શ્રીનિવાસે હાઈકોર્ટના નિર્ણયને આવકાર્યો હતો અને સોશિયલ મીડિયા પર એક પોસ્ટ લખીને રમેશ વિરુદ્ધ આકરી ટિપ્પણી કરી હતી.રમેશ ચેન્નમનેની આંધ્ર પ્રદેશ અને તેલંગાણાના વેમુલાવાડા મત વિસ્તારમાંથી ૪ વખત ધારાસભ્ય રહી ચૂક્યા છે. તેઓ ૨૦૦૯માં તેલુગુ દેશમ પાર્ટી (ટીડીપી) ના સભ્ય હતા અને પક્ષની ટિકિટ પર ૨૦૦૯ની વિધાનસભા ચૂંટણી જીત્યા હતા. ૨૦૧૦, ૨૦૧૪ અને ૨૦૧૮માં તેમણે બીઆરએસ નેતા તરીકે ચૂંટણી જીતી હતી. તેમણે એક પેટાચૂંટણી પણ જીતી હતી જેમાં તેઓ પોતાનો પક્ષ બદલીને જીતીને વિધાનસભા પહોંચ્યા હતા. રમેશની નાગરિકતાને લઈને વિવાદ નવો નથી. વર્ષ ૨૦૧૩માં તેમની નાગરિકતાને લઈને વિવાદ આંધ્રપ્રદેશ હાઈકોર્ટમાં પણ પહોંચ્યો હતો.હાઈકોર્ટે તેમની ચૂંટણીને રદ કરી દીધી હતી. રમેશે આ આદેશ સામે સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી. આ પછી, તેમણે ૨૦૧૪ અને ૨૦૧૮ ની વિધાનસભા ચૂંટણી લડી અને જીતી ગયા, પરંતુ વર્ષ ૨૦૨૩ માંપણ, જ્યારે તેમણે વિધાનસભાની ચૂંટણી જીતી ત્યારે હારેલા કોંગ્રેસ નેતા આદિ શ્રીનિવાસે હાઈકોર્ટમાં અરજી દાખલ કરી હતી. આ અરજીની સુનાવણી દરમિયાન જ રમેશની જર્મન નાગરિકતાનો ખુલાસો થયો હતો અને હાઈકોર્ટે લગભગ દોઢ—બે વર્ષ પછી આ વિવાદ પર મહત્ત્વપૂર્ણ નિર્ણય આપ્યો હતો.

### કેન્દ્ર સરકારે રાજ્યવાર આંકડા આપ્યા

# ઉત્તર પ્રદેશ અભ્યાસમાં પાછળ, ૭ લાખ બાળકો શાળાથી દૂર છે

ઉત્તર પ્રદેશ,તા.૧૦

નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ના પ્રથમ આઠ મહિનામાં દેશભરમાં ચિંતાજનક સ્થિતિ ઊભી થઈ છે, જેમાં ૧૧.૭૦ લાખથી વધુ એવા બાળકોની ઓળખ કરવામાં આવી છે જેઓ શાળાઓમાં ભણતા નથી. આ આંકડા પરથી સ્પષ્ટ થાય છે કે શિક્ષણ ક્ષેત્રે હજુ પણ અનેક પડકારો બાકી છે. સંસદના શિક્ષણ રાજ્ય મંત્રી જયંત ચૌધરીએ આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમથી તેલુગુ દેશમ પાર્ટીના સાંસદ મથુકુમિલી શ્રીભારતના પ્રશ્નના જવાબમાં કહ્યું કે દેશભરમાં ૧૧ લાખ ૭૦ હજારથી વધુ વિદ્યાર્થીઓ શાળાઓમાં પ્રવેશ મેળવવાથી વંચિત છે.

સોમવારે લોકસભામાં આપવામાં આવેલા આ ચોંકાવનારા આંકડાઓ અનુસાર સૌથી ગંભીર સ્થિતિ ઉત્તર પ્રદેશની છે, જ્યાં લગભગ ૭ લાખ ૮૫ હજાર વિદ્યાર્થીઓ શાળા શિક્ષણથી વંચિત છે. ઝારખંડમાં આ સંખ્યા ૬૫ હજારથી વધુ છે, જ્યારે આસામમાં લગભગ ૬૪ હજાર વિદ્યાર્થીઓ શાળાની બહાર છે. ગુજરાત જેવા આર્થિક રીતે સમૃદ્ધ રાજ્યમાં પણ ૫૪ હજાર ૫૦૦ થી વધુ બાળકો શાળાએ જઈ શકતા નથી. મધ્યપ્રદેશ અને હરિયાણામાં પણ સ્થિતિ ચિંતાજનક છે,

જ્યાં ૩૦ થી ૪૦ હજાર વિદ્યાર્થીઓ શાળાએ જતા નથી. શિક્ષણના મામલામાં પહેલેથી જ પછાત બિહારમાં લગભગ ૨૫ હજાર બાળકો શાળાથી દૂર છે. શિક્ષણ ક્ષેત્રે ક્રાંતિનો દાવો કરનાર દિલ્હીમાં પણ લગભગ ૧૮ હજાર ૩૦૦ બાળકો શાળાની બહાર છે.

જો કે, સરકારે તેના જવાબમાં એ પણ ઉલ્લેખ કર્યો છે કે શિક્ષણ બંધારણની સમવર્તી સૂચિ હેઠળ આવે છે, તેથી શાળા શિક્ષણ મોટાભાગના રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના અધિકારક્ષેત્રમાં આવે છે અને સરકાર દ્વારા આપવામાં આવેલા આંકડા સમાન છે

જે તેમને પ્રાપ્ત થયા છે રાજ્યો અથવા કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી. જે શિક્ષણ મંત્રાલય હેઠળના શાળા શિક્ષણ અને સાક્ષરતા વિભાગ દ્વારા તેના ઓનલાઈન ડેશબોર્ડ દ્વારા એકત્રિત કરવામાં આવ્યું છે.

સકારાત્મક બાજુએ, લદ્દાખ અને લક્ષદ્વીપ જેવા કેન્દ્રશાસિત પ્રદેશોએ શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું છે, જેમાં એક પણ વિદ્યાર્થી શાળાની બહાર નથી. પોંડિચેરીમાં માત્ર ચાર વિદ્યાર્થીઓ શાળાના શિક્ષણથી વંચિત છે, જ્યારે આંદામાન અને નિકોબાર ટાપુઓમાં આ સંખ્યા માત્ર બે છે

### રાહુલ ગાંધીને લઈને સંજય રાઉતનું મોટું નિવેદન

# રાહુલ ગાંધીના નેતૃત્વ પર કોઈ સવાલ ઉઠાવતું નથી

**રાહુલ ગાંધી અમારા નેતા છે : શિવસેના-યુબીટી સાંસદ**

મુંબઈ, તા.૧૦

ઈન્ડિયા એલાયન્સમાં નેતૃત્વને લઈને ફરી એકવાર ચર્ચા શરૂ થઈ છે. લાલુ યાદવે કહ્યું છે કે મમતા બેનર્જીને ભારત ગઠબંધનનું નેતૃત્વ સોંપવું જોઈએ. આના પર શિવસેના-યુબીટી સાંસદ સંજય રાઉતની પ્રતિક્રિયા આવી છે. તેમણે કહ્યું કે તેમણે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીને લઈને મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું છે કે રાહુલ ગાંધીના નેતૃત્વ પર કોઈ સવાલ ઉઠાવતું નથી. રાહુલ ગાંધી અમારા નેતા છે.

સંજય રાઉતે કહ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સામેના વાતાવરણમાં રાહુલ ગાંધીનું મહત્વનું યોગદાન છે. ભારત ગઠબંધનમાં માત્ર કોંગ્રેસ સામેલ નથી. સપા પણ છે, બીજી પાર્ટીઓ પણ છે. કોંગ્રેસે પણ તેમાં ભાગ લેવો જોઈએ અને ચર્ચા કરવી જોઈએ.

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી દ્વારા લાલુ યાદવના નિવેદન પર સંજય રાઉતે કહ્યું કે આ અંગે ઈન્ડિયા બ્લોકમાં ચર્ચા ચાલી રહી છે. માત્ર કોંગ્રેસ પાર્ટી જ નથી, અન્ય પાર્ટીઓ પણ છે. રાહુલ ગાંધી અને મલ્લિકાર્જુન ખડગે સાથે અમારા સૌહાર્દપૂર્ણ સંબંધો છે. કોંગ્રેસના વધુ સાંસદો ચૂંટાયા છે. દરેક વ્યક્તિએ સાથે બેસીને નેતૃત્વ વિશે ચર્ચા કરવી જોઈએ, જે મહત્તમ સમય આપે છે. કદાચ નવીન પટનાયક પણ તેમાં જોડાઈ શકે છે. તેમની સાથે વાતચીત ચાલી રહી છે.વાસ્તવમાં લાલુ યાદવે કહ્યું હતું કે મમતા બેનર્જીને ઈન્ડિયા એલાયન્સનું નેતૃત્વ સોંપવું જોઈએ. કોંગ્રેસના વાંધાઓ પર તેમણે કહ્યું કે તેનો કોઈ અર્થ નથી. અમે મમતા બેનર્જીને સમર્થન આપીશું.

આ સિવાય જ્યોર્જ સોરોસ મુદ્દે તેમણે કહ્યું કે કિરેન રિજિજુ વિદેશ વિશે શું જાણે છે. તેમને ખબર નથી કે તેઓ કાલે મંત્રી બનશે કે નહીં. આપણો દેશ એટલો નબળો નથી કે ૯૫ વર્ષનો માણસ વિદેશમાં બેસીને દેશને નબળો કરી શકે. તે બધુ જ નેરેટિવ સેટ કરવા વિશે છે. આ પહેલા ટીએમસી સાંસદ કીર્તિ આઝાદે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતાને ઈન્ડિયા બ્લોકના નેતા બનાવવાની માંગ કરી હતી. તેમણે કહ્યું હતું કે મમતા બેનર્જી આ પદ માટે 'શ્રેષ્ઠ અનુકુળ' છે કારણ કે તેઓ એકમાત્ર એવા નેતા છે જેમણે તેમના રાજ્ય - પશ્ચિમ બંગાળમાં ભારતીય જનતા પાર્ટી (બીજેપી) ને વારંવાર હરાવ્યા છે.

### માત્ર ૫ રૂપિયામાં ભોજન મળશે

# રાજ્યમાં ૧૦૦ નવા ભોજન વિતરણ કેન્દ્રો શરૂ કરાશે

**આગામી દિવસમાં વધુમાં વધુ શ્રમિકો લાભ લઈ શકે તે માટે નવા ભોજન વિતરણ કેન્દ્રો શરૂ કરવામાં આવશે**

ગાંધીનગર, તા.૧૦

કોઈપણ રાજ્યની સરકાર શ્રમયોગી કે મજૂર પરિવારોને એકદમ નજીવા દરે પૌષ્ટિક ભોજન તૈયાર કરીને આપે એનાથી રૂડું બીજું શું હોઈ શકે? રાજ્યના શ્રમિક પરિવારોની ક્ષુધા સંતોષવા માટે ગુજરાત સરકારે 'શ્રમિક અન્નપૂર્ણા યોજના' શરુ કરીને એક નવી કેડી કંડારી છે. રાજ્યના મકાન અને અન્ય બાંધકામ શ્રમિકોને પૌષ્ટિક, સાત્વિક અને સ્વાદિષ્ટ ભોજન મળી રહે, ઉપરાંત તેમનું આર્થિક ભારણ પણ ઘટે તે માટે આ યોજના હેઠળ રાજ્ય સરકાર દ્વારા માત્ર રૂ. ૫/-ના રાહત દરે તેમને ભરપેટ ભોજન આપવામાં આવે છે. રાજ્યમાં અત્યારે ૧૯ જિલ્લાના કુલ ૨૯૦ કડિયાનાકાઓ ખાતે આ ભોજન વિતરણ કેન્દ્રો કાર્યરત છે. શ્રમ અને રોજગાર મંત્રી બલવંતસિંહ રાજપૂતે આ સંદર્ભે જણાવ્યું હતું કે, ગુજરાતના દરેક શ્રમયોગીને રાહત દરે પૌષ્ટિક ભોજન પૂરું પાડવું એ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની સરકારનો મુખ્ય ધ્યેય છે. માત્ર એપ્રિલ-૨૦૨૪ થી અત્યાર સુધીમાં જ હજારો શ્રમિક પરિવારોને રૂ. ૫/-માં કુલ ૭૫.૭૦ લાખથી વધુ ભોજનનું વિતરણ કરવામાં આવ્યું છે. રાજ્યના વધુમાં વધુ બાંધકામ શ્રમિકો સુધી શ્રમિક અન્નપૂર્ણા યોજનાનો લાભ પહોંચાડવા માટે આગામી સમયમાં નવા ૧૦૦ કડીયાનાકા ખાતે ભોજન વિતરણ કેન્દ્રો શરૂ કરવાનું રાજ્ય સરકારનું આયોજન છે. શ્રમિક પરિવારોને માત્ર રૂ. ૫/-ના નજીવા દરે ભોજન પૂરું પાડવા માટે પ્રતિ ભોજન રાજ્ય સરકાર તરફથી રૂ. ૩૭/- સબસીડી ચૂકવવામાં આવે છે.

ગ્રામ્ય વિસ્તારોમાંથી રોજગારીની શોધમાં અનેક શ્રમજીવી પરિવારો શહેરોમાં આવીને વસવાટ કરે છે. બાંધકામ સ્થળો ખાતે રોજગારી મેળવવા તેઓ રોજ સવારે કડીયાનાકા પર એકત્રિત થાય છે, જેથી તેમણે વહેલી સવારે રસોઈ કરવી પડે છે. કેટલાક તો સવારે માત્ર નાસ્તો કરીને જ આખો દિવસ કામ કરતા હોય છે, પરિણામે આ પરિવારો પોષણયુક્ત આહારથી વંચિત રહે છે. સવારે કડીયાનાકા પરથી જ શ્રમયોગીઓને રાહત દરે પૌષ્ટિક અને સાત્વિક આહાર આપવામાં આવે તો તેઓ તંદુરસ્ત રહીને વધુ કામ કરી શકે છે. આવા શુભ આશય સાથે જ ગુજરાતમાં વર્ષ ૨૦૧૭માં 'શ્રમિક અન્નપૂર્ણા યોજના' શરુ કરવામાં આવી હતી.શ્રમિક અન્નપૂર્ણા યોજના શરુ થઈ ત્યારથી લઈ વર્ષ ૨૦૨૦ સુધીમાં કુલ ૧.૧૫ કરોડથી વધુ પ્લેટ ભોજન વિતરણ કરવામાં આવ્યું હતું, પરંતુ કોરોના મહામારીના કારણે આ યોજનાને સ્થગિત કરવામાં આવી હતી. રાજ્યના શ્રમયોગીઓના હિતાર્થે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે વર્ષ ૨૦૨૨માં આ યોજના ફરી એકવાર કાર્યરત કરવામાં આવી હતી. હાલમાં રાજ્યના વિવિધ કડીયાનાકાઓ ખાતેથી શ્રમિક પરિવારોને રોજના સરેરાશ ૩૨ હજારથી વધુ ભોજનનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. આ યોજના શરુ થઈ ત્યારથી આજ સુધીમાં રૂ. ૧૫૦ કરોડથી વધુના ખર્ચે કુલ ૨.૯૩ કરોડથી વધુ ભોજનનું વિતરણ કરાયું છે.

રાજ્યમાં હાલ અમદાવાદ જિલ્લામાં ૯૮, ગાંધીનગર જિલ્લામાં ૧૨, વડોદરા જિલ્લામાં ૨૧, સુરત જિલ્લામાં ૪૦, રાજકોટ જિલ્લામાં ૧૪, વલસાડ જિલ્લામાં ૧૦, મહેસાણા જિલ્લામાં ૧૩, નવસારી જિલ્લામાં ૯, પાટણ જિલ્લામાં ૧૫, ભાવનગર જિલ્લામાં ૬, આણંદ જિલ્લામાં ૬, બનાસકાંઠા જિલ્લામાં ૮, ભરૂચ જિલ્લામાં ૭, દાહોદ જિલ્લામાં ૫, જામનગર જિલ્લામાં ૧૧, ખેડા જિલ્લામાં ૪, મોરબી જિલ્લામાં ૬, પંચમહાલ જિલ્લામાં ૧ અને સાબરકાંઠા જિલ્લામાં ૪ ભોજન વિતરણ કેન્દ્રો કાર્યરત છે.રાજ્યના ૧૯ જિલ્લામાં કુલ ૨૯૦ કડીયાનાકાઓ ખાતે ભોજન વિતરણ કેન્દ્રો કાર્યરત છે. આ ઉપરાંત જે બાંધકામ સ્થળ ખાતે ૫૦થી વધુ શ્રમિકો હોય તેવી બાંધકામ સાઈટ પર જઈને સ્થળ ઉપર પણ ભોજન વિતરણ કરવામાં આવે છે.શ્રમિક અન્નપૂર્ણા યોજના અંતર્ગત માત્ર રૂ. ૫/-માં શ્રમિક પરિવારને રોટલી, શાક, કઠોળ, ભાત, અથાણું, મરચા અને ગોળ સહિતનું સ્વાદિષ્ટ પૌષ્ટિક ભોજન આપવામાં આવે છે. વધુમાં, સપ્તાહમાં એક વાર સુખડી કે શીરા જેવા મિષ્ઠાનનો પણ સમાવેશ કરવામાં આવે છે. એક ભોજનમાં શ્રમિકના જરૂરિયાત મુજબ અંદાજે ૬૨૫ ગ્રામ અને ૧,૫૨૫ કેલેરી જેટલું ભોજન પીરસવામાં આવે છે, જેથી તેઓ તંદુરસ્ત રહી શકે.શ્રમિક અન્નપૂર્ણાના તમામ કેન્દ્રો ઉપર ઈ-નિર્માણ કાર્ડની મદદથી શ્રમિકો ભોજન મેળવે છે. કાર્ડનો ક્યુઆર (QR) કોડ સ્કેન કરાવીને ટિફિનમાં કે સ્થળ પર જ એક સમયનું ભોજન શ્રમિકો મેળવી શકે છે. જે લાભાર્થીઓ પાસે ઈ-નિર્માણ કાર્ડ ન હોય તેમના માટે બૂથ પર જ બાંધકામ શ્રમિકોની હંગામી ધોરણે નોંધણી થાય છે અને ૧૫ દિવસ સુધી તેઓ ભોજન મેળવી શકે છે.ગુજરાત અત્યારે દરેક ક્ષેત્રે પૂરવેગ સાથે અગ્રીમ હરોળ તરફ આગળ વધી રહેલું રાજ્ય છે. રાજ્યના શ્રમયોગી પરિવારોના આર્થિક, સામાજિક અને શૈક્ષણિક ઉત્કર્ષ માટે 'શ્રમેવ જયતે'ના મંત્ર સાથે રાજ્ય સરકારે વિશેષ આયોજન કર્યું છે. શ્રમિકો માટેની મહત્વકાંક્ષી 'શ્રમિક અન્નપૂર્ણા યોજના'થી આજે રાજ્યના અનેક શ્રમિક પરિવારોને ખાસ કરીને મહિલા શ્રમિકોને ઘણી રાહત મળી છે.

### રત્નકલાકારો બેકાર

# હીરામાં મંદીથી અમરેલી જિલ્લામાં ૫૦૦ કારખાનાંમાં લોકડાઉન

**જિલ્લાના ૪૭૦૦૦ કારીગરોની રોજગારી પર સવાલ, કારખાના ૧૨ કલાકની જગ્યાએ ૬ કલાક જ ચાલે છે**

અમરેલી ,તા.૧૦

હીરા ઉદ્યોગમાં મંદીથી અમરેલીમાં હીરાના ૫૦૦ જેટલા કારખાનાંને તાળાં લાગ્યા છે. હીરાઉદ્યોગ સાથે સંકળાયેલા હજારો કારીગર બેરોજગાર બન્યા છે. આશરે ૪૭ હજાર કારીગરો બેરોજગારીના સકંજામાં ફસાયા છે. મળતી માહિતી મુજબ, કેટલીક જગ્યાએ કારખાના ૧૨ કલાકની જગ્યાએ ૬ કલાક ચાલે છે. પહેલાની સરખામણીએ હીરા કારીગરોને પગાર ઓછો અપાય છે. ગુજરાતમાં સુરતમાં સૌથી વધારે હીરાના વેપાર થાય છે. સૌરાષ્ટ્રના અનેક શહેરમાં હીરાના નાના મોટા કારખાના આવેલા છે. અમરેલી જિલ્લામાં એક સમયે ૧૨૦૦ કારખાના હતાં.

જો કે હીરા ઉદ્યોગમાં મંદી આવતા રહેતાં હાલ અમરેલીમાં ૯૦૦ કારખાના રહ્યાં છે, જેમાં ૫૦ હજાર જેટલા કારીગરો કામ કરે છે. ફરીવાર મંદી દેખાતા અમરેલી જિલ્લામાં ૫૦૦ જેટલા કારખાનાને તાળા લાગી ગયા છે. દિવાળી પહેલા કારખાનાઓ બંધ થયા પછી લાભપાંચમ બાદ પણ કારખાના શરૂ ન થતાં રત્ન કલાકારો મુશ્કેલીમાં મુકાયા છે.

દિવાળીના તહેવાર બાદ લાઠી, અમરેલી, બાબરા, બગસરા, સાવરકુંડલા સહિતના તુલાકાના નાના મોટા હીરાના કારખાનાના ધંધા પર મોટી અસર પડી છે. અહીં ખેતી બાદ લોકો હીરા ઉદ્યોગ પર નભે છે. હાલ રત્ન કલાકારોની રોજગારી પર સવાલ ઉભો થયો છે. જિલ્લાના ૪૭૦૦૦ કારીગરો કેવી રીતે આવક મેળવશે તે મોટો સવાલસર્જાયો છે. આ કારણે યુવકો પણ ખેતીના માર્ગે વળી ગયાહ હોવાનું મનાય છે.

### ભાજપે હાથ ખંખેર્યા, પાર્ટીમાંથી રાજીનામું આપી દીધું હોવાનું કહ્યું

# વિદિશાના જિલ્લા ભાજપ નેતા સામે બળાત્કારની ફરિયાદ નોંધાઈ

**મધ્યપ્રદેશના વિદિશ જિલ્લા ભાજપના ઉપપ્રમુખ સામે ૨૩ વર્ષીય મહિલા પર કથિત રીતે બળાત્કાર કરવાના કેસમાં ફરિયાદ નોંધાઈ છે**

વિદિશા, તા.૧૦

મધ્યપ્રદેશના વિદિશ જિલ્લા ભાજપના ઉપપ્રમુખ સામે ૨૩ વર્ષીય મહિલા પર કથિત રીતે બળાત્કાર કરવાના કેસમાં ફરિયાદ નોંધાઈ છે. જોકે, ભાજપે આરોપીથી અંતર રાખીને કહ્યું કે, તેણે રાજીનામું આપી દીધું છે. પોલીસ ઈન્સ્પેક્ટર આશુતોષ સિંહ રાજપૂતે જણાવ્યું કે વિદિશા જિલ્લા ભાજપના ઉપપ્રમુખ યોગેન્દ્ર સિહ સોલંકી વિરુદ્ધ આઈપીસીની ૩૭૬(બળાત્કરા માટે સજા) અને કલમ ૫૦૬ (ગુનાહિત ધમકી) અંતર્ગત એફઆઈઆર નોંધવામાં આવી છે,

કારણ કે આ ગુનો જુલાઈમાં ભારતીય ન્યાય સંહિતા(બીએનએસ) લાગુ થયા પહેલાં કર્યો હતો. પોલીસ ઈન્સ્પેક્ટરે કહ્યું કે એક મહિલાની ફરિયાદ પર પાંચમી ડિસેમ્બરે એફઆઈઆર નોંધાઈ હતી. તપાસના આધાર પર આગળની કાર્યવાહી કરાશે.

બળાત્કારના કેસમાં એફઆઈઆર નોંધાયા પછી સોલંકીએ રવિવારે રાત્રે જિલ્લા ભાજપના ઉપપ્રમુખ પદ પરથી રાજીનામું આપી દીધું, પરંતુ આ સાથે તેમણે કહ્યું કે, તેમને ખોટી રીતે ફસાવવામાં આવ્યા છે.

જ્યાં સુધી બળાત્કારના આક્ષેપોમાંથી મુક્ત નહીં થાય ત્યાં સુધી પક્ષના સભ્ય તરીકે નહીં રહે. વિદિશા જિલ્લા ભાજપ પ્રમુખ રાકેશ સિંહ જાદૌને કહ્યું કે, સોલંકી હવે ભાજપમાં નથી. તેમના રાજીનામાનો સોમવારે સ્વીકાર કરી લેવામાં આવ્યો છે. આ દરમિયાન, પોલીસ અધિકારીએ કહ્યું કે, પીડિત મહિલાનું લાંબા સમયથી જાતીય શોષણ કરવામાં આવી રહ્યું હતું. ફરિયાદી મહિલાના કહેવા મુજબ આરોપી તેના ઘર સુધી આવી જતો હતો. પોલીસે તેની મેડિકલ રિપોર્ટ ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીમાં મોકલશે.

# ઈઝરાયેલી સેનાએ તક મળતાં જ સીરિયામાં ઘૂસણખોરી કરી

**સીરિયામાં બળવાખોરોએ રાજધાની દમાસ્કસ પર કબજો જમાવી લેતાં, પ્રમુખ બશર અલ-અસદ દેશ છોડીને ભાગી ગયા હોવાના અહેવાલ છે**

દમાસ્કસ, તા.૧૦

સીરિયામાં બળવાખોરોએ રાજધાની દમાસ્કસ પર કબજો જમાવી લેતાં, પ્રમુખ બશર અલ-અસદ દેશ છોડીને ભાગી ગયા હોવાના અહેવાલ છે. રશિયન મીડિયા અનુસાર અસદે મોસ્કોમાં શરણ મેળવ્યું છે. સીરિયન બળવાખોર દળોએ જણાવ્યું હતું કે દમાસ્કસ હવે જુલમી બશર અલ-અસદના શાસનથી મુક્ત થઈ ગયું છે અને સીરિયાના લોકો માટે એક નવા યુગનો ઉદય થયો છે. દરમિયાનમાં, અસદ યુગનો અંત આવતાની સાથે જ ઈઝરાયેલે સીરિયા પર હુમલા કરવાનું શરૂ કરી દીધું છે.સમાચાર અનુસાર, ઈઝરાયલના સંરક્ષણમંત્રી ઈઝરાયેલ કાત્ઝે જાહેરાત કરી છે કે ઈઝરાયલી દળો સીરિયાના કબજા હેઠળના ગોલાન હાઈટ્સમાં બફર ઝોનમાં વધારાના પોઈન્સ કબજે કરી રહ્યાં છે. કાત્ઝને ટાંકીને મીડિયાએ જણાવ્યું હતું કે રવિવારે રાત્રે ઈઝરાયેલી બફર ઝોનમાં વધારાના પોઈન્ટ કબજે કરવાનું ચાલુ રાખ્યું હતું. કાત્ઝે એમ પણ કહ્યું કે તેમણે ઈઝરાયેલી સૈન્યને ભારે વ્યૂહાત્મક શસ્ત્રો અને આતંકવાદી ઈન્ફ્રાસ્ટ્રક્ચર કે જે ઈઝરાયેલ માટે ખતરો બની શકે છે તેમને મુક્ત સુરક્ષા ઝોન બનાવવાની સૂચના આપી હતી.

એક નિવેદનમાં, ઈઝરાયેલે જણાવ્યું હતું કે આ પગલાનો હેતુ ઈરાનથી લેબનોન અને સીરિયા દ્વારા સરહદ પાર કરીને શસ્ત્રોની દાણચોરી કરવાના માર્ગના નવીકરણને નિષ્ફળ બનાવવાનો હતો.વિદ્રોહીઓ દ્વારા સીરિયા પર કબજો કર્યા બાદ રાષ્ટ્રપતિ બશર અલ-અસદ દેશ છોડીને રશિયા ભાગી ગયા છે. મીડિયા એજન્સીના અહેવાલ મુજબ, રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને અસદ અને તેના પરિવારને રાજકીય આશ્રય આપ્યો છે. જ્યારે અમેરિકાએ સીરિયામાં અસદ સરકારના પતનનું સ્વાગત કર્યું છે. દરમિયાનમાં, રશિયાની સરકારી સમાચાર એજન્સીના જણાવ્યા અનુસાર સીરિયન એમ્બેસી પરથી અધિકારીઓએ સીરિયાનો ધ્વજ ઉતારી લીધો છે અને વિદ્રોહીઓનો ધ્વજ ફરકાવ્યો છે. પેસ્કોવે કહ્યું હતું કે અસદને ક્યાં રાખવામાં આવ્યા છે તેની માહિતી ગુપ્ત રખાઈ છે.

દરમિયાનમાં ન્યૂઝ એજન્સીએ દાવો કર્યો છે કે બળવાખોરોએ તુર્કીને છ મહિના અગાઉથી જ જાણ કરી દીધી હતી કે તેઓ અસદને ઉથલાવવાના છે.

સીરિયન પ્રમુખ અલ-અસદે દેશ છોડ્યા પછી, બળવાખોરોને તેમના મહેલની નજીકના ગેરેજમાં ૪૦થી વધુ મોંઘા વાહનોનો સંગ્રહ મળ્યો છે. જેમાં મર્સિડીઝ, પોર્શે, ઓડી, ફેરારી, લેમ્બોર્ગિની, રોલ્સ રોયસ અને બેન્ટલી જેવી મોંઘી કારો છે. આ ઉપરાંત આ સંગ્રહમાં બાઈક અને બખ્તરબંધ ટ્રકો પણ સામેલ છે. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયો ફૂટેજમાં લાલ રંગની Ferrari F50 પણ જોવા મળી રહી છે. તેની કિંમત ૨૫ કરોડથી વધુ છે.

### બગસરા નગરપાલિકા ફરી આવી વિવાદમાં આવી

# બગસરા નગરપાલિકાના પ્રમુખ દ્વારા જનરલ બોર્ડમાં મનમાની થતા વિવાદ સર્જાયો

**વિપક્ષ દ્વારા ચીફ ઓફિસરને પણ ઉગ્ર રજુઆત કરાઈ છે : નગરપાલિકાની બોર્ડ મિંટિગ ૩ મહિનાની જગ્યાએ ૬ મહિને જનરલ બોર્ડ મળી હતી**

બગસરા,તા.૧૦

બગસરા નગરપાલિકા ફરી આવી વિવાદમાં આવી છે. નગરપાલિકાના પ્રમુખ દ્વારા જનરલ બોર્ડમા મનમાની થતા વિવાદ સર્જાયો હતો. નગરપાલિકાની બોર્ડની મિંટિગ ૭ મિનિટમાં પુરી થતા સવાલો ઉઠયા હતા. નગરપાલિકાની મહિલા પ્રમુખે આવીજ રીતે ચાલશેનો મનમાની જવાબ આપ્યો હતો.

બગસરા નગરપાલિકાની મનમાનીના વિવાદમા ફરી એક વધારો થયો છે. વિપક્ષ દ્વારા ચીફ ઓફિસરને પણ ઉગ્ર રજુઆત કરાઈ છે. નગરપાલિકાની બોર્ડ મિંટિગ ૩ મહિનાની જગ્યાએ ૬ મહિને જનરલ બોર્ડ મળી હતી. તો પણ બોર્ડમાં વિવાદ સર્જાતા મિંટિગ સ્થગિત કરવામાં આવી હતી.

અમરેલીમાં આવેલ બગસરા નગરપાલિકા અવારનવાર ચર્ચામાં જોવા મળતી હોય છે. આની પહેલાં પણ બગસરા નગરપાલિકાએ પહેલા મકાન બનાવવા મંજુરી આપી અને બાદમાં મનાઈ હુકમ ઠપકાર્યો હતો. નગરપાલિકા તેના નિર્ણયોને કારણે વિવાદમાં રહેતી હોય છે.

### અમદાવાદમાં ૨૨ ડિસેમ્બરે મહા સંમેલનનું આયોજન

# કરણી સેના દ્વારા ભાજપ સરકારની વિરુદ્ધમા આંદોલન

**ક્ષત્રિયાણીઓનું અપમાન કરવા બાબતે ક્ષત્રિય સમાજ દ્વારા જે લડત ચલાવવામાં આવી હતી તે લડત નિષ્ફળ થતાં આ મહાસંમેલનનું આયોજન**

અમદાવાદ, તા.૧૦

ક્ષત્રિય કરણી સેના દ્વારા ગુજરાતની ભાજપ સરકારની વિરુદ્ધમાં ૨૨ ડિસેમ્બરના રોજ અમદાવાદમાં એક મહા સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. લોકસભાની ચૂંટણી સમયે ભારતીય જનતા પાર્ટીના નેતા દ્વારા ક્ષત્રિયાણીઓનું અપમાન કરવા બાબતે ક્ષત્રિય સમાજ દ્વારા જે લડત ચલાવવામાં આવી હતી તે લડત નિષ્ફળ થતાં આ મહાસંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. જેથી કરીને ભવિષ્યમાં ક્ષત્રિય સમાજના સ્વાભિમાનની રક્ષા થઈ શકે.

સુરત પ્રવાસે આવેલા ક્ષત્રિય કરણી સેનાના રાષ્ટ્રીય અધ્યક્ષ ડોક્ટર રાજ શેખાવત દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, "ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકાર દ્વારા ક્ષત્રિયાણીઓની અસ્મિતા પર નિંદનીય ટિપ્પણી કરવામાં આવી હતી અને ત્યારબાદ ક્ષત્રિય સમાજ દ્વારા લડાઈ કરવામાં આવતા ક્ષત્રિય સમાજના સ્વાભિમાનનું પ્રતિક એવી કેસરી પાઘડી પર પણ પ્રહાર કરાયો હતો. આ ઉપરાંત ભાજપ સામે એક રેલીનું આયોજન કરતા અમારી કંપનીઓને પણ બંધ કરાવી દેવામાં આવી હતી અને આ તમામ બાબતે સરકારને જવાબ આપવા માટે ક્ષત્રિય એકતા મહા સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. જે ૨૨ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ અમદાવાદ ખાતે યોજાશે." આ ક્ષત્રિય સમાજના મહા સંમેલનમાં ગરાસદાર, કાઠી, કારડીયા, નાડોદા, હાટી, મહિયા, જાગીરદાર અને ઠાકોર વગેરે ક્ષત્રિય સમાજના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે અને કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ તમામ સ્ત્રીઓને એક મંચ પર લાવીને સંપૂર્ણ ભારત વર્ષની રાજનૈતિક પાર્ટીઓને ક્ષત્રિય સમાજની એકતાનું પ્રદર્શન કરી ક્ષત્રાણીઓની અસ્મિતા પર કરવામાં આવેલી નીંદનીય ટિપ્પણી, સ્વાભિમાનનું પ્રતિક એવી કેસરી પાઘડી પર કરવામાં આવેલો પ્રહાર અને પાર્ટીના આગેવાનો દ્વારા વ્યાપાર પર થયેલા પ્રહારનો લોકશાહી ઢબે જવાબ આપવા માટે આ સંમેલન યોજાશે. ઉલ્લેખનીય છે કે લોકસભાની ચૂંટણી દરમિયાન રાજકોટ લોકસભા બેઠક પરથી ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર પરસોતમ રૂપાલા દ્વારા ક્ષત્રિયાણીઓને લઈને એક ટિપ્પણી કરવામાં આવી હતી.

જે ટિપ્પણી બાદ સમગ્ર ક્ષત્રિય સમાજમાં રોષનો માહોલ જોવા મળ્યો હતો અને ત્યારબાદ રાજ શેખાવત દ્વારા આ બાબતે વિરોધ કરવામાં આવતા રાજ શેખાવતની અટકાયત દરમિયાન તેમની પાઘડીનું પણ અપમાન કરાયું હતું. આ તમામ બાબતોને ધ્યાનમાં લઈને ક્ષત્રિય સમાજને એક મંચ પર લાવવા માટે ૨૨ ડિસેમ્બરના રોજ અમદાવાદમાં મહા સંમેલનનું આયોજન કરાયું છે.


## જાહેર હરરાજી

આથી રસ ધરાવતા ઈસમોને જણાવવાનું કે, જુની હળીયાદ ગ્રામ પંચાયત, તા.બગસરા, જિ.અમરેલી ખાતે આવેલ જર્જરિત માધ્યમિક શાળાનું મકાન તોડી, માલ-સામાન લઈ જઈ ખુલ્લુ ગ્રાઉન્ડ કરી આપવા માટે શ્રી જુની હળીયાદ ગ્રામ પંચાયતની તા.૦૨/૧૨/૨૦૨૪ની સામાન્ય સભાનાં ઠરાવ ક્રમાંક ૦૪ તેમજ તાલુકા પંચાયત બગસરાની બાંધકામ શાખાનાં પત્ર ક્રમાંક તાપં/બાંધ/વશી/૧૨/૨૦૨૪ના તા.૧૦-૧૨-૨૦૨૪નાં પત્રક અને પ્રમાણપત્ર મુજબ મંજુર અપસેટ પ્રાઈઝ રૂા.૩૭૨૫૨/- (અંકે રૂપિયા સાડત્રીસ હજાર બસો બાવન પુરા) ઉપરની જાહેર હરરાજીની બોલીથી વધારેમાં વધારે બોલી લગાવનારને આ કામ આપવાનું છે. જાહેર હરરાજીમાં ભાગ લેવા માટે રૂા.૫૦૦૦/- (અંકે રૂપિયા પાંચ હજાર પુરા)ની ડિપોઝીટ જમા કરાવીને હરરાજીમાં ભાગ લઈ શકશે.

હરરાજી મંજુર કે નામંજુર કરવાનો અધિકાર સરપંચશ્રી જુની હળીયાદ ગ્રામ પંચાયતને અબાધિત રહેશે.

**હરરાજી તારીખ : ૧૭/૧૨/૨૦૨૪, હરરાજી સમય : સવારનાં ૧૧:૦૦ કલાકે**
**હરરાજી સ્થળ : શ્રી જુની હળીયાદ ગ્રામ પંચાયત કચેરી.તા.બગસરા, જિ.અમરેલી ઈમલાની અપસેટ પ્રાઈઝ ૩૭૨૫૨ થી વધુ નકકી કરેલ છે.**

જાહેર હરરાજીની બોલીઓ અને શરતો સ્થળ ઉપર રૂબરૂ વાંચી સંભળાવવામાં આવશે કોઈપણ સંજોગોવસાત જાહેર હરરાજી બંધ રહે તો પછીની તારીખે આજ સ્થળે જાહેર હરરાજી કરવામાં આવશે.

એચ.આર. વસ્તાણી
સરપંચશ્રી
જુની હળીયાદ ગ્રામ પંચાયત

કે.વી. ભુવા
તલાટી કમ મંત્રીશ્રી
જુની હળીયાદ ગ્રામ પંચાયત


### ઈન્દિરા ગાંધીથી લઈને મનમોહન સિંહ સરકારમાં રહ્યા મંત્રી

# કર્ણાટકના પૂર્વ મુખ્યમંત્રી એસ.એમ. કૃષ્ણાનું નિધન

**પદ્મ વિભૂષણથી સન્માનિત એસ.એમ. કૃષ્ણા ૧૯૯૯થી ૨૦૦૪ સુધી કર્ણાટકના મુખ્યમંત્રી અને ૨૦૦૪ થી ૨૦૦૮ સુધી મહારાષ્ટ્રના રાજ્યપાલ રહી ચૂક્યા હતા**

કર્ણાટક, તા.૧૦

કર્ણાટકના પૂર્વ મુખ્યમંત્રી, વિદેશ મંત્રી અને મહારાષ્ટ્રના પૂર્વ રાજ્યપાલ એસ.એમ. કૃષ્ણાનું ૯૨ વર્ષની વયે નિધન થયું છે. તેમણે આજે (૧૦મી ડિસેમ્બર) સવારે બેંગલુરુ સ્થિત તેમના ઘરે અંતિમ શ્વાસ લીધા હતા. તેમના પાર્થિવ દેહને આજે મદ્દુર લઈ જવામાં આવશે. એસ.એમ. કૃષ્ણાનો જન્મ ૧૯૩૨માં થયો હતો. તેમનું પૂરું નામ સોમનાહલ્લી મલ્લૈયા કૃષ્ણા છે. પદ્મ વિભૂષણથી સન્માનિતએસ.એમ. કૃષ્ણા ૧૯૯૯થી ૨૦૦૪ સુધી કર્ણાટકના મુખ્યમંત્રી અને ૨૦૦૪ થી ૨૦૦૮ સુધી મહારાષ્ટ્રના રાજ્યપાલ રહી ચૂક્યા હતા. ૨૨મી મે ૨૦૦૯ના રોજ વડાપ્રધાન મનમોહન સિંહે કૃષ્ણાને કેન્દ્રીય કેબિનેટમાં સામેલ કર્યા અને ૨૩મી મે ૨૦૦૯ના રોજ વિદેશ મંત્રાલયની જવાબદારી સોંપી. માર્ચ ૨૦૧૭માં એસએમ કૃષ્ણા કોંગ્રેસ છોડીને ભાજપમાં જોડાયા હતા. ૨૦૨૩માં સરકારે એસ.એમ. કૃષ્ણાને પદ્મ વિભૂષણથી સન્માનિત કર્યા.એસ.એમ. કૃષ્ણાના પિતાનું નામ એસ.સી. મલ્લૈયા હતું. તેમણે મહારાજા કોલેજ, મૈસુરમાંથી સ્નાતકનું શિક્ષણ પૂર્ણ કર્યા પછી સરકારી કોલેજ, બેંગ્લોરમાંથી કાયદાની ડિગ્રી લીધી મેળવી હતી. ઉચ્ચ શિક્ષણ માટે તેઓ અમેરિકા ગયા હતા. ત્યાંથી સ્નાતક થયા પછી તેમણે આંતરરાષ્ટ્રીય કાયદાનું શિક્ષણ આપવાનું શરૂ કર્યું હતું. અમેરિકામાં સક્રિય રાજકારણમાં તેમનો રસ જાગ્યો. ત્યાં તેમણે જ્હોન એફ. કેનેડીની રાષ્ટ્રપતિની ચૂંટણી માટે પ્રચાર કર્યો હતો. કર્ણાટકથી પરત ફર્યા બાદ તરત જ તેઓ ૧૯૬૨માં કર્ણાટક વિધાનસભાના સભ્ય તરીકે ચૂંટાયા હતા. તેમણે ૨૯મી એપ્રિલ ૧૯૬૪ના રોજ પ્રેમા સાથે લગ્ન કર્યા.વર્ષ ૧૯૬૦ની આસપાસ એસ.એમ. કૃષ્ણાએ રાજકીય ઈનિંગ્સ શરૂ કરી હતી. ૧૯૬૨માં તેમણે મદ્દુર વિધાનસભા બેઠક પરથી સ્વતંત્ર ઉમેદવાર તરીકે ચૂંટણી લડી હતી અને કોંગ્રેસના ઉમેદવારને હરાવીને ચૂંટણી જીતી હતી. આ પછી તેઓ પ્રજા સમાજવાદી પાર્ટીમાં જોડાયા અને ૧૯૬૮માં માંડ્યા લોકસભા બેઠકની પેટાચૂંટણી જીતી. ત્યારબાદ એસ.એમ. કૃષ્ણા કોંગ્રેસમાં જોડાયા અને ૧૯૭૧માં માંડ્યા લોકસભા બેઠક પરથી ફરીથી ચૂંટણી જીત્યા. ૧૯૮૫માં એસ.એમ. કૃષ્ણા ફરીથી રાજ્યના રાજકારણમાં પાછા ફર્યા અને વિધાનસભાની ચૂંટણી લડ્યા. તેઓ ૧૯૯૯થી ૨૦૦૪ સુધી કર્ણાટકના મુખ્યમંત્રી હતા. તેઓ ડિસેમ્બર ૨૦૦૪થી માર્ચ ૨૦૦૮ સુધી મહારાષ્ટ્રના રાજ્યપાલ હતા. એસએમ કૃષ્ણાએ પીએમ મનમોહન સિંહની સરકારમાં વિદેશ મંત્રીનું પદ પણ સંભાળ્યું હતું. જાન્યુઆરી ૨૦૨૩માં એસ.એમ. કૃષ્ણાએ જાહેરાત કરી કે તેઓ હવે સક્રિય રાજકારણમાં રહેશે નહીં.કર્ણાટકના માંડ્યાથી ઘણી વખત સાંસદ તરીકે ચૂંટાયા હતા. તેમણે ઈન્દિરા ગાંધી અને રાજીવ ગાંધીના શાસનમાં મંત્રી તરીકે સેવા આપી હતી. તેઓ ૧૯૮૩-૮૪ની વચ્ચે ઈન્દિરા ગાંધી અને ૧૯૮૪-૮૫ની વચ્ચે રાજીવ ગાંધીના કાર્યકાળ દરમિયાન ઉદ્યોગ અને નાણા રાજ્યમંત્રી બન્યા હતા.

# ધુડશિયા ખાતે બસિયા પરિવાર દ્વારા આયોજીત શ્રીમદ્ ભાગવત્ સપ્તાહનુ સમાપન









તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

ગોંડલ તાલુકાના ધુડશિયા ખાતે સમસ્ત બસીયા કાઠી રાજવી ગિરાસદાર પરિવાર દ્વારા કુળદેવી શ્રી ચામુંડા માતાજી ના સાનિપ્રયમાં ભવ્ય અને દિવ્ય શ્રીમદ્દ દેવિભાગવત કથા જ્ઞાનયજ્ઞના પુર્ણાહુતીનાદિવસે કથાના વ્યાસપીઠે પરમ પૂજય કનકેશ્વરી માતાજીબિરાજી કથાનુંરસપાનકરાવીને લોકો ને મંત્રમુગ્ધ કર્યાહતા પુર્ણાહુતી ના દિવસે તમામ સ્વયંસેવકો, આગેવાનો, સાધુ સંતો, પત્રકારો, વાડીના માલિક રાવતભાઈ બસીયા તેમજ નાના થી મોટા જેમને શ્રી મદ્દ દેવી ભાગવત કથાયજ્ઞ મા તન મન ધન થી સેવા કરી તેમનો બસીયા કાઠી રાજવી ગિરાસદાર ના અગ્રણી ઓ દ્વારા આભાર માનવામાં આવ્યો હતો તેમજ સન્માનિત કરવામાં આવ્યા હતા ધુડશીયા ગામલોકો નો પણ વિશેષ આભાર વ્યક્ત કર્યો દશ દીવસની રસોડા ની તમામ જવાબદારી સુવિધા ગામલોકો દ્વારા કરવામાં આવી હતી તેમજ કથા ના પુર્ણાહુતી ના દિવસે આવેલા સાધુ સંતો, રાજકીય આગેવાનો, નું ભવ્ય સન્માન કરવામાંઆવ્યુંહતું. બસીયા કાઠી રાજવી ગિરાસદાર પરીવાર દ્વારા શ્રી કનકેશ્વરી માતાજી ને સાફો પહેરાવી તેમજ તલવાર આપી આગેવાનો એ સન્માન કર્યુંહતું તેમજ નવ દિવસ શ્રી મદ્ દેવી ભાગવત જેમની જમીનમા હતી તે માલિક રાવતભાઈ બસીયા (સુલતાનપુર)નું પણ સન્માન કરવામાં આવ્યું તેમજ શ્રી ચામુંડાધામ ના પૂજારી પરીવાર ને સન્માનિત કરવામાં આવ્યો હતો બસીયા પરીવાર પ્રમુખ રામભાઈ બસીયા ને ધુડશીયા ગામ લોકો એ સન્માનિત કર્યા હતા તેમજ ધુડશીયા ગામના સાથ સહકાર આપનાર આગેવાનો નું પણ સન્માન કરવામાં આવ્યું હતું. કથા દરમ્યાન જે લોકો એ સાથ ને સહકાર આપ્યો તેવા તમામ લોકો નો બસીયા પરીવાર દ્વારા આભાર માનવામાંઆવ્યોહતો. ધુડશિયાધામ ખાતે ચાલી રહેલ કથામાં ત્રાંબા પિત્તળ ના પ્રાચીન વાસણો ની પ્રાચીન માંડ આકર્ષણ નું કેન્દ્ર બની શ્રી ચામુંડાધામ ધૂળશીયા ખાતે સમસ્ત બસિયા કાઠી રાજવી ગીરાસદાર પરિવાર દ્વારા ભવ્ય દેવી ભાગવત કથા દરમ્યાન સ્ટેજ ઉપર ગોઠવેલી પ્રાચીન વિરાસત જેમાં કાઠી સંસ્કૃતિ ને લગતી જૂની પ્રાચીન વિરાસત સમી માંડ ચકડા, ચંદરવા, ત્રાંબા પિત્તળ ના પ્રાચીન વાસણો, જેમાં જુની પિત્તળ અને ત્રાંબાની મસમોટી ગોળી, ડાબલો, પડઘી, તાંસળી જુનવાણી કીટલી થી લઈ પિત્તળના ફાનસ સહિત અતિજુના ટિફિન લોટા બેડા સહિત અતીજુની માંડ ની સુંદર ગોઠવણી વ્યાસપીઠ પાસે સુવર્ણ ની જેમ ચમકતી નજરે પડી હતી જોકે કથા પણ જીવનના ઉપદેશ કથીર ને રકંચન સોનુ કરી દે તેમ અહીં જૂની પદ્ધતિ ને જોતા જ એ સમયના આ વાસણો સોના સમાં જોવા મળે જે જોતા જ જોનાર ને લાગે હજુ થોડું જોવાનું રહી ગયું આવું સુંદર આયોજન અહીં બસિયા ગિરસદાર પરિવાર દ્વારા શોભામાં અભિવૃદ્ધિ કરી હતી.

પાના ૮ ઉપરનું ચાલું

## અમરેલી નાગરિક બેન્કમાં

ઈરાદો આ કામના અન્ય આરોપીઓ અબ્દુલભાઈ બહાદુરભાઈ ચૌહાણ તથા વિજયભાઈ જયંતિલાલ પારેખ સાથે મળી આ રકમ પોતાના અંગત ઉપયોગમાં લઈ લીધેલી હોય તે રીતે બેંકમાંથી આ રકમની ઉચાપત કરેલી હોય ભારતીય ફોજદારી ધારાની કલમ–૪૦૬, ૪૦૮, ૪૬૭, ૪૬૯ તથા ૩૪ મુજબના ગુન્હાની ફરિયાદ જે તે સમયે અમરેલી પોલીસ સ્ટેશનમાંથી નોંધાયેલ હતી. ત્યારબાદ તે કામે પોલીસ તરફથી ચાર્જશીટ કરવામાં આવેલ હતું. ત્યારબાદ તે અંગેનો કેસ ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ સમક્ષ ચાલી જતા તા. ૨૯/૦૩/૨૦૧૯ના રોજ આ કામના આરોપીને ભારતીય ફોજદારી ધારાની કલમ–૪૦૮, ૪૬૭, ૪૬૮માં ૭ વર્ષની સતત કેદની સજા તથા રૂા. ૧૦,૦૦૦ દંડનો હુકમ કરેલ હતો. ત્યારબાદ શંભુભાઈ ધાનાણીએ ડીસ્ટ્રીકટ કોર્ટમાં તે સજા કરતા હુકમને તેમના એડવોકેટ ઉદયન ત્રિવેદી મારફતે પડકારેલ હતો. જે અપીલમાં દલીલ સમયે રજુ કરવામાં આવેલા કાયદાના ટેકનીકલ મુદાઓ તથા સુપ્રિમ કોર્ટના ચુકાદાઓ બાબતે વિશદ છણાવટ કરતી દલીલો રજુ કરેલ હતી.

તેમજ આ સાથે અમરેલી નાગરીક સહકારી બેંકના જે તે સમયના કર્મચારી શંભુભાઈ આંબાભાઈ ધાનાણી પર બીજો કેસ પણ થયેલ હતો. જેમાં તા. ૧૩/૧/૧૯૯૫ના રોજ રૂા. ૧,૬૧,૫૦૦ હંસરાજભાઈ ખીમજીભાઈ પટેલ, રે. ચાંપાથળએ પોતાના ખાતામાં જમા કરાવવા માટે તેમને આપેલા હતા. તે રકમ તેમણે જમા લઈ અને રસીદ આપેલ હતી. પરંતુ તે રકમ તેમણે બેંકના રજીસ્ટર્ડમાં જમા કરવાના બદલે પોતાનો સામાન્ય ઈરાદો આ કામના અન્ય આરોપીઓ અબ્દુલભાઈ બહાદુરભાઈ ચૌહાણ તથા વિજયભાઈ જયંતિલાલ પારેખ સાથે મળી આ રકમ પોતાના અંગત ઉપયોગમાં લઈ લીધેલી હોય તે રીતે બેંકમાંથી બંને કેસની મળી કુલ રકમ રૂા. ૨,૪૧,૫૦૦ની રકમની ઉચાપત કરેલી હોય ભારતીય ફોજદારી ધારાની કલમ–૪૦૬, ૪૦૮, ૪૬૭, ૪૬૯ તથા ૩૪ મુજબના ગુન્હાની ફરીયાદ જે તે સમયે અમરેલી પો.સ્ટે.માંથી નોંધાયેલ હતી. ત્યારબાદ તે કામે પોલીસ તરફથી ચાર્જશીટ કરવામાં આવેલ હતું. ત્યારબાદ તે અંગેનો કેસ ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ સમક્ષ ચાલી જતા તા. ૨૯/૩/૨૦૧૯ના રોજ આ કામના આરોપીને ભારતીય ફોજદારી ધારાની કલમ–૪૦૮, ૪૬૭, ૪૬૮માં ૭ વર્ષની સતત કેદની સજા તથા રૂા. ૨૦,૦૦૦ દંડનો હુકમ કરેલ હતો. ત્યારબાદ શંભુભાઈ ધાનાણીએ ડીસ્ટ્રીકટ કોર્ટમાં તે સજા કરતા હુકમને પણ તેમના એડવોકેટ ઉદયન ત્રિવેદી મારફતે પડકારેલ હતો. આ અપીલમાં પણ દલીલ સમયે રજુ કરવામાં આવેલા કાયદાના ટેકનીકલ મુદાઓ તથા સુપ્રિમ કોર્ટના ચુકાદાઓ બાબતે વિશદ છણાવટ કરતી દલીલો રજુ કરેલ હતી.

આમ ઉપરોકત બંને કેસની કુલ રકમ રૂા. ૨,૪૧,૫૦૦ની ઉચાપત બદલ ચીફ જયુડી. મેજી. કોર્ટ ધ્વારા જે તે સમયે બંને કેસની રકમની ઉચાપત બદલ શંભુભાઈ ધાનાણીને કુલ રૂા. ૧,૫૦,૦૦૦નો દંડ તથા ૭ વર્ષની સજાનો હુકમ કરેલ. જે અંગેની બંને અપીલ ડીસ્ટ્રીકટ કોર્ટમાં સેશન્સ જજ આર.વી. બુખારી મેડમ સમક્ષ ચાલી જતા સુનાવણી સમયે કાયદાના ટેકનીકલ મુદાઓ તથા સુપ્રિમ કોર્ટના ચુકાદાઓ રજુ કરવામાં આવેલ તે ધ્યાને લઈ શંભુભાઈ આંબાભાઈ ધાનાણીની ઉપરોકત બંને અપીલ મંજુર કરી અને તેમને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરેલ છે. આ બંને અપીલના કામે આરોપી તર્ફે અમરેલીના સીનીયર એડવોકેટ ઉદયન ત્રિવેદી રોકાયેલ હતા.

પાના ૧ ઉપરનું ચાલું

## ખારાપાટ વિસ્તારમાં

આર્યુવેદ ડોકટર મુકેશ ખસીયાએ ગાય આધારિત ખેતી કરી અને બાગાયતી પાકનું વાવેતર કરી અને હાલ બાગાયતી પાકમાં જામફળ, કેળા તેમજ પપૈયાનું ઉત્પાદન મેળવી અને લાખોમાં આવક કરીરહ્યા છે.

ડો. મુકેશભાઈ ખસિયા આયુર્વેદિક ડોકટરનો અભ્યાસ કર્યો છે અને હાલ કિલનિક ચલાવી રહ્યા છે અને જેની સાથે જ પ્રાકૃતિક બાગાયતી ગાય આધારિત ખેતી કરી રહ્યા છે. પાંચ વીઘામાં બે લાખથી વધુનું ઉત્પાદન મેળવી રહ્યા છે અને હવે આગામી સમયની અંદર ત્રણથી ચાર લાખ સુધીનું ઉત્પાદન મેળવશે. આ લીલીયા ખારાપાટ વિસ્તાર હોવાથી આ વિસ્તારમાં કેસર કેરી કે અન્ય કોઈપણ વેરાઈટીનો આંબાનું વાવેતર કરીશકાતું નથી અને જો વાવેતર કરવામાં આવે તો તેમાં સફળતા મળતી નથી. પરંતુ વિમાં સૌથી મોંઘી કેરી એટલે જાપાનની મિયાઝાકી કેરી છે. આ મિયાઝાકી કેરીના છોડનો ઉછેર કરવામાં આવ્યો છે. ડોકટર માટે આ એક ચેલેન્જ રૂપ હતું પરંતુ ગાય આધારિત ખેતી કરી જીવામૃત, બીજામૃત અને ઘન જીવામૃત તેમજ પરણી અર્કનો ઉપયોગ કરી અને આ મિયાજાકી કેરીમાં સફળતા મેળવે છે અને આગામી સમયમાં ઉત્પાદન પણ મળશે.

તેઓએ વધુમાં જણાવ્યું કે, ૧૦ થી વધારે પ્રકારના ધાન્યનું પોતે વાવેતર કરે છે અને હાલ બિયારણ તેમજ પોતાના પરિવાર અને સગા સંબંધીમાં ખાવા માટે આપવામાં આવે છે અને ઉપયોગમાં લેવામાં આવે છે. સાથે જ પોતાની વાડીમાં બાગાયતી પાકમાં પપૈયા, આંબા, સરગવો, કેળા, જામફળ , સીતાફળનું વાવેતર કરવામાં આવ્યું છે અને જેમાંથી સામાન્ય ઉત્પાદન હાલ મળી રહે છે. ધાન્ય વર્ગનું પણ વાવેતર કરવામાં આવે છે અને આ ધાન્ય વર્ગમાં ઘઉં, બાજરો, જંગલી બાજરો તેમજ ત્રણથી વધારે પ્રકારની જુવાર, રાગી, રાજગરો તેમજ અન્ય વર્ગનું વાવેતર કરવામાં આવે છે અને જેનો ઉપયોગ પોતાના સગા સંબંધીમાં અને પોતે ખાવા માટે ઉપયોગ કરે છે.

## અવસાન નોંધ

**ચલાલા :** ચલાલાના વતની હાલ સુરત રહેવા ચંપાબહેન હરીલાલ સોઢા (ઉ. વર્ષ ૮૬)ને સ્વ. હરિલાલ–જસરાજભાઈ સોઢાના પત્ની, કાંતીલાલ જસરાજભાઈ સોઢાના ભાભી, ચંદ્રેશભાઈ હરીલાલ સોઢાના માતૃશ્રી તેમજ પિયુષભાઈ, નિલેષભાઈના ભાભુ અને ધાર્મિકના બાનું અવસાન તા. ૭/૧૨/૨૪ શનિવારના સુરત થયેલ છે.

સદગતનું બેસણું તા. ૧૨/૧૨/૨૪, ગુરૂવાર સાંજના ૪ થી ૬ લોહાણા મહાજન વાડી ચલાલા રાખેલ છે.

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૯૦ | ૧૪૭૫ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૯૦ | ૧૪૬૬ |
| ૨ | મગફળી | ૭૦૫ | ૧૧૨૦ |
| ૩ | તલ કાળા | ૩૪૮૦ | ૩૪૮૦ |
| ૪ | સોયાબીન | ૫૦૦ | ૭૦૦ |
| ૫ | મગ | ૧૪૫૦ | ૧૪૫૦ |
| ૬ | અડદ | ૧૦૩૦ | ૧૧૦૦ |
| ૭ | ઘઉં | ૪૮૦ | ૬૨૫ |

## ખાંભાના ડેડાણ ગામે કીટ વિતરણ કાર્યક્રમ યોજાયો



તસ્વીર : ભાવિન કલસરિયા–ખાંભા

ખાંભા, તા. ૧૦

ખાંભા તાલુકાનાં ડેડાણ ગામ ખાતે જી.એચ.સી.એલ ફાઉન્ડેશન દ્વારા આજ રોજ તા. ૬/૧૨/૨૦૨૪ના રોજ એદ્યોગિક સામાજિક જવાબદારી (સીએસઆર) હેઠળ ઓર્ગનિક ખેતીને પ્રોત્સાહન આપવા માટે વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

પ્રોગ્રામ દરમિયાન ડેડાણ ક્લસ્ટરના ૧૦ લાભાર્થીઓને ઓર્ગનિક કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જી.એચ.સી.એલ ફાઉન્ડેશનના હેડ રમેશભાઈ મકવાણા દ્વારા ખેડૂતોને ઓર્ગનિક ખેતીની માહિતી અને માર્ગદર્શન આપવામાં આવ્યું. આ સાથે પ્રોગ્રામમાં આજુબાજુના ગામના સરપંચ વાઘ કનુભાઈ તથા નોલ વીરભાઈ અને આગેવાન ખેડૂતમાં સોમાતભાઈ મકવાણા, હિરપરા ભુપતભાઈ તથા સાવલિયા પ્રવીણભાઈ અને સરવ્યા પંકજભાઈ પણ ઉપસ્થિત રહ્યા હતા. ડેડાણ ક્લસ્ટરમાં ઓર્ગનિક ખેતીને વધુમાં વધુ ખેડૂતો તરફેણ આપીને કેળવણી અને ટેકનોલોજીનો ઉપયોગ કરીને ખેતીને વધુ પાયાભૂત બનાવવા માટે ફાઉન્ડેશન તરફથી પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. સાથે GOPCAના લાઈસન્સ માટેની પ્રક્રિયા પણ શરૂ કરવામાં આવી છે, જેથી ખેડૂતોને અન્ય યોગ્ય લાભ મળી શકે.

આ પ્રસંગે જી.એચ.સી.એલ ફાઉન્ડેશનના હેડ રમેશભાઈ મકવાણા ઉપરાંત જીવાભાઈ મોરી, જીતુભાઈ કીડેચા, તેજસ વાળા અને વોલેન્ટિયર્સ વિનુભાઈ તથા સુખાભાઈ ઉપસ્થિત રહ્યા હતા. જી.એચ.સી. એલ ફાઉન્ડેશન દ્વારા આ પ્રકારની પ્રવૃત્તિઓ ખેડૂતોને આત્મનિર્ભર બનાવવા માટે અને ઓર્ગનિક ખેતી તરફ પ્રેરિત કરવા માટે મોખરે છે.

પાના ૧ ઉપરનું ચાલું

## અમરેલી જિલ્લામાં તાપમાનનો પારો

રહયા હતા.

આજે દિવસભર હવામાન ઠંડુગાર રહેતા અને રાત ઢળતા જ ઠંડી વધી જતાં શહેરના વેપારીઓ પણ રાત્રે વહેલાસર ધંધા રોજગાર આટોપી અને ઘર તરફ નીકળી ગયા હતા.

ત્યારે આજે અમરેલી ખાતે મહત્તમ તાપમાન ૨૭.૦, લઘુત્તમ તાપમાન ૧૩.૦, ભેજનું પ્રમાણ ૪૫ ટકા અને પવનની ગતિ ૯.૬ કિ.મી. નોંધાયેલ છે. જયારે શેત્રુંજી નદીના કાંઠે વસેલા ધારી ગામે પણ આજે લઘુત્તમ તાપમાન ૨૨ ડીગ્રી નોંધાતા સૌ કોઈએ શિયાળાની ઋતુનો અનુભવ કર્યો હતો.

## સાવરકુંડલા : ગર્લ્સ હાઈસ્કુલ ખાતે માનવ અધિકાર દિનની ઉજવણી



સાવરકુંડલા, તા.૧૦

નૂતન કેળવણી મંડળ સંચાલિત, એસ.વી. દોશી ગર્લ્સ હાઈસ્કૂલ ખાતે તારીખ ૧૦–૧૨–૨૪ ના રોજ 'માનવ અધિકાર દિવસની' શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. આ ખાસ દિન નિમિત્તે શાળાની વિદ્યાર્થીની બહેનોમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. પ્રાર્થના હોલમાં વિદ્યાર્થીની બહેનો વચ્ચે માનવ અધિકારોની વિસ્તૃત સમજ સાવરકુંડલાના પ્રખ્યાત એડવોકેટ બહેન પાયલબેન ગઢીયા દ્વારા વિદ્યાર્થીની બહેનોને અધિકારો વિશે વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી અને સાથો સાથ શાળાના આચાર્ય ઉષાબેન બી.તેરૈયાએ પણ માનવ અધિકારો અને બંધારણ વિશે માહિતી આપી હતી. આ કાર્યક્રમનું સફળ સંચાલન શાળાના શિક્ષક મેહુલભાઈ મહેતા દ્વારા કરવામાં આવ્યુંહતું. એમ રવિભાઈ જોષીની એક યાદીમાં જણાવાયું હતું.

પાના ૮ ઉપરનું ચાલું

## સાવરકુંડલાનાં ઠવી ગામે

ત્યારે ચૌહાણ પરિવારના માતાજીના મઢ પાસે પહોંચતા આરોપી ભરતભાઈ દુલાભાઈ મોલાડીયા મળતા તેમણે વિશાલભાઈને કહેવા લાગલ કે તારો ભાઈ ગૌતમ કેમ મારી દિકરી માયાને ભગાડી કોર્ટમાં લગ્ન કરેલ છે? આ બાબતે અગાઉ પણ તમને સમજાવેલ તેમ છતાં તમો સમજશો નહી. તેમ કહી આજે તો તને પતાવી દેવો છે તેવી મારી નાખવાની ધમકી આપી આરોપીએ પોતાના નેફામાંથી છરી કાઢી વિશાલભાઈને મારી નાખવાના ઈરાદે વિશાલભાઈના પેટના ડાબા ભાગે મારી દઈ આંતરડા બહાર કાઢી નાખી જીવલેણ ઈજા કર્યાની નાગજીભાઈ પ્રેમજીભાઈ ચૌહાણે પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરેલ છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૭૯૬ | ૧૦૭૦ |
| ૨ | શિંગ ૬૬ નંબર | ૯૮૦ | ૯૮૦ |
| ૩ | ગીરનારી શીંગ | ૯૧૫ | ૧૨૪૦ |
| ૪ | શિંગ મોટી | ૮૦૦ | ૧૨૩૦ |
| ૫ | શિંગાદાણા ફાડા | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ૬ | તલ સફેદ | ૧૬૨૦ | ૨૬૨૦ |
| ૭ | તલ કાળા | ૨૮૦૦ | ૪૫૪૫ |
| ૮ | તલ કાશ્મીરી | ૩૨૨૫ | ૩૨૯૦ |
| ૯ | બાજરો | ૩૫૦ | ૬૦૨ |
| ૧૦ | જુવાર | ૪૦૦ | ૭૯૨ |
| ૧૧ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૫૬ |
| ૧૨ | ઘઉં લોકવન | ૫૧૯ | ૬૨૧ |
| ૧૩ | મગ | ૧૧૧૫ | ૧૬૫૦ |
| ૧૪ | અડદ | ૮૦૦ | ૧૨૪૫ |
| ૧૫ | ચણા | ૭૦૦ | ૧૨૬૪ |
| ૧૬ | કપાસ | ૯૨૫ | ૧૪૭૮ |
| ૧૭ | એરંડા | ૧૧૬૯ | ૧૨૧૩ |
| ૧૮ | જીરૂ | ૪૧૧૫ | ૪૪૩૦ |
| ૧૯ | ઈસબગુલ | ૧૯૪૦ | ૨૦૫૦ |
| ૨૦ | ધાણા | ૧૦૭૫ | ૧૩૭૫ |
| ૨૧ | મેથી | ૯૦૦ | ૧૧૫૧ |
| ૨૨ | સોયાબીન | ૫૦૦ | ૮૩૦ |
| ૨૩ | રજકાનું બી | ૪૨૫૦ | ૫૬૧૦ |
| ૨૪ | મરચા લાંબા | ૬૫૦ | ૨૫૮૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૯૫૧ | ૧૦૭૧ |
| ૨ | શીંગ મોટી | ૧૦૦૦ | ૧૧૭૫ |
| ૩ | શીંગ ગીરનાર | ૧૨૫૧ | ૧૩૦૫ |
| ૪ | તલ સફેદ | ૨૧૨૨ | ૨૩૬૮ |
| ૫ | તલ કાળા | ૩૯૩૫ | – |
| ૬ | જીરૂ | ૪૦૮૮ | ૪૫૦૦ |
| ૭ | કપાસ | ૧૩૭૫ | ૧૪૮૧ |
| ૮ | ઘઉં લોકવન | ૫૨૦ | ૬૦૦ |
| ૯ | ઘઉં ટુકડા | ૫૨૫ | ૬૦૩ |
| ૧૦ | બાજરો | ૪૫૦ | ૭૦૦ |
| ૧૧ | જુવાર | ૫૦૦ | ૭૦૧ |
| ૧૨ | મકાઈ | ૬૦૦ | – |
| ૧૩ | મગ | ૧૧૦૦ | – |
| ૧૪ | અડદ | ૯૦૦ | ૧૩૫૦ |
| ૧૫ | ચણા | ૧૦૫૦ | ૧૪૬૦ |
| ૧૬ | નવી તુવેર | ૧૦૦૦ | ૧૯૦૦ |
| ૧૭ | રાય/રાયડો | ૧૦૦૦ | – |
| ૧૮ | સોયાબીન | ૭૧૦ | ૭૯૦ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૫ | ૧૪૮૦ |
| ૨ | મગફળી | ૮૬૫ | ૧૧૫૧ |
| ૩ | ઘઉં | ૫૭૧ | ૫૮૬ |
| ૪ | ચણા | ૧૦૦૦ | ૧૨૦૧ |
| ૫ | અડદ | ૧૧૦૧ | ૧૨૭૫ |
| ૬ | ધાણા | ૯૫૦ | ૧૪૦૧ |
| ૭ | સોયાબીન | ૬૦૦ | ૭૭૩ |
| ૮ | તલ | ૨૧૨૫ | ૨૧૨૫ |
| ૯ | છોલે ચણા | ૧૮૫૧ | ૧૮૫૧ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૫૦૦ |
| ૨ | ઘઉં લોકવન | ૫૩૦ | ૫૮૦ |
| ૩ | ઘઉં ટુકડા | ૫૫૬ | ૫૮૬ |
| ૪ | ચણા છોલે | ૧૯૦૫ | ૨૦૦૦ |
| ૫ | સોયાબીન | ૫૮૬ | ૭૮૦ |
| ૬ | મગફળી | ૭૬૫ | ૯૭૯ |
| ૭ | ચણા | ૯૪૦ | ૧૨૧૫ |
| ૮ | તલ સફેદ | ૧૬૪૦ | ૨૩૦૦ |
| ૯ | ધાણા | ૧૨૦૫ | ૧૩૨૦ |
| ૧૦ | તલ કાળા | ૩૫૦૦ | ૩૫૦૦ |
| ૧૧ | અડદ | ૧૦૪૦ | ૧૨૦૧ |
| ૧૨ | તુવેર | ૧૦૩૫ | ૧૦૩૫ |
| ૧૩ | જીરૂ | ૨૫૬૬ | ૪૦૦૦ |
| ૧૪ | શીંગદાણા | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૧૫ | રાય | ૯૧૦ | ૯૧૦ |
| ૧૬ | ચણા સફેદ | ૧૧૮૬ | ૧૧૮૬ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૬૦ | ૧૫૨૦ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૧૫૦ | ૧૩૮૦ |
| ૩ | મગફળી ૨૦ નંબર | ૧૦૯૯ | ૧૧૬૧ |
| ૪ | મગફળી બી.ટી. | ૯૨૮ | ૧૦૫૨ |
| ૫ | અડદ | ૧૧૬૦ | ૧૪૪૦ |
| ૬ | ઘઉં | ૫૪૦ | ૫૮૦ |
| ૭ | તલ સફેદ | ૨૦૩૦ | ૨૨૭૦ |
| ૮ | મગ | ૧૩૮૦ | ૧૫૦૦ |
| ૯ | જીરૂ | ૩૯૮૯ | ૪૫૫૧ |
| ૧૦ | સોયાબીન | ૭૭૯ | ૮૨૧ |
| ૧૧ | ચણા | ૧૧૪૫ | ૧૨૯૫ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૭૦૦ | ૧૧૨૫ |
| ૨ | તલ સફેદ | ૧૭૦૦ | ૨૭૦૦ |
| ૩ | તલ કાળા | ૩૦૦૦ | ૪૦૦૦ |
| ૪ | કપાસ | ૧૩૫૦ | ૧૪૭૦ |
| ૫ | બાજરો | ૫૭૦ | ૬૧૬ |
| ૬ | ઘઉં ટુકડા | ૫૪૧ | ૬૨૨ |
| ૭ | જુવાર | ૭૨૬ | ૭૮૧ |
| ૮ | મગ | ૧૬૨૦ | ૨૫૨૫ |
| ૯ | મઠ | ૧૧૫૨ | ૧૧૫૨ |
| ૧૦ | અડદ | ૮૧૦ | ૧૩૩૦ |
| ૧૧ | ચણા | ૯૧૦ | ૧૩૦૦ |
| ૧૨ | જીરૂ | ૩૮૦૦ | ૩૮૦૦ |
| ૧૩ | એરંડી | ૧૧૭૧ | ૧૧૭૧ |
| ૧૪ | ધાણા | ૧૩૮૦ | ૧૩૮૦ |
| ૧૫ | સોયાબીન | ૭૦૦ | ૭૮૭ |

# ચલાલા ગાયત્રી સંસ્કાર ધામ ખાતે જરૂરિયાત મંદબાળકોને સ્વેટર તથા ચોપડા વિતરણ કરવામાં આવ્યું




માનવ સેવા અને લોક કલ્યાણકારી કાર્યોની અવિરત ધારા વહેડાવતી ભગીરથી રૂપી સંસ્થા, ચલાલા અને આજુ બાજુ વિસ્તાર માટે આશીર્વાદ રૂપ એવા યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ચલાલા ગાયત્રી સંસ્કાર ધામ ખાતે જરૂરિયાતમંદ બાળકોને હાલ કડકડતી ઠંડીમાં સ્વેટર અને ચોપડા વિતરણ કરવામાં આવ્યા. પુ.ડો. રતિદાદાએ જણાવ્યું હતું કે સેવાકાર્યમાં દાતાઓનો સહયોગ ખુબ અગત્યનો છે. સંજયભાઈ ભુવા તરફથી સહયોગ પ્રાપ્ત થયો હતો. આ સેવાકાર્યથી બધા બાળકો ખુબ જ ખુશ થયા હતા અને અંતરના આશીર્વાદ આપ્યા હતા. તેમજ તમામ વ્યવસ્થા ભારત ભૂષણ મહેશભાઈ મહેતા તથા આચાર્ય શીતલબેન મહેતાએ કરી હતી.

### વન અધિકારી રૂચિ દવે લિખિત 'આપણા પતંગિયા' પુસ્તકનું વિમોચન થયું

## આપણાં પતંગિયા : ગુજરાતીમાં પતંગિયા પર લખાયેલા પ્રથમ પુસ્તકમાં જાણવા મળશે અજાણી વાતો

### ૪૨૪ પાનાનાં દળદાર પુસ્તકમાં લેખકે પતંગિયાનાં ગુજરાતી સુચિત નામો પણ આપ્યા છે



અમરેલી,તા.૧૦

ગુજરાત વન વિભાગમાં મદદનીશ વન સંરક્ષક તરીકે ફરજ બજાવતા રૂચિ દવેએ ગુજરાતમાં જોવા મળતા પતંગિયાંઓ વિશે ગુજરાતી ભાષામાં માહિતિ સભર અને રસપ્રદ પુસ્તક લખ્યુ છે. આ પુસ્તકનું વિમોચાન જીતેન્દ્ર દેસાઇ મેમોરિયલ હોલ, નવજીવન ટ્રસ્ટ કેમ્પસ, અમદાવાદ ખાતે યોજાયુ પુસ્તકનું વિમોચન પર્યાવરણવિદ્ એમ.કે. રણજીતસિંહ, ગીધ સરંક્ષણ ક્ષેત્રે ખ્યાતિ પ્રાપ્ત ડો. વિભુ પ્રકાશ, વનસ્પતિશાસ્ત્રની હરતી-ફરતી વિદ્યાપીઠ ગણાતા ડો. મીનું પરબીઆ અને પર્યાવરણ પ્રેમી લોકોની હાજરીમાં યોજાયું.

રૂચિ દવે લિખિત પુસ્તક ' આપણાં પતંગિયાં' - ગુજરાતનાં પતંગિયાં વિશે જાણી - અજાણી માહિતી પતંગિયાંના ઉછેર, તેના જીવનચક્ર, તેના નામો પાછળની રોમાંચક કથાઓની અને પતંગિયાનાં પર્યાવરણમાં મોટા યોગદાનનું વિસ્તૃત વર્ણન કરે છે. કુલ ૪૨૪ પાનાંનાં આ પુસ્તકમાં ગુજરાતમાં સામાન્ય ગણાતાં હોય તેવાં તમામ પતંગિયાં વિશેની માહિતી અને સંશોધન આવરી લીધાં છે. પતંગિયાંનાં કુલ ૬ કુળના ૧૨૪ જાતિનાં પતંગિયાં વિશે વિગતવાર વર્ણન કર્યું છે. પતંગિયું કુદરતે સર્જેલું સૌથી આશ્વર્યકારક સજીવ છે. તેનું જીવન ઈંડા, ઈયળ, કોશેટો અને પુખ્ત પતંગિયું એમ ચાર તબક્કામાં વહેંચાયલું છે. પતંગિયાના જીવનના આ ચારેય તબક્કા વૈવિધ્યથી ભરપૂર છે. આ ઉપરાંત, પતંગિયાનું સ્થળાંતર, યજમાન વનસ્પતિની શોધ, ઉછેર, પતંગિયાં ઉદ્યાન અને આપણી આસપાસ કયા છોડ વાવશો તો કયા પતંગિયા જોવા મળશે તેવી રસપ્રદ માહિતી આ પુસ્તકની ખાસિયત છે.

પુસ્તકની પ્રસ્તાવના વાંકાનેર રાજપરિવારનાં મોભી અને મધ્યપ્રદેશ કેડરના નિવૃત આઈ.એસ.એસ (આઈ.એ.એસ.) ઓફિસર એમ. કે. રણજિતસિંહએ લખી છે. સમગ્ર દેશમાં પતંગિયાક્ષેત્રે મહત્વનું કામ કરનાર આઈઝેક કેહિમકરે પણ આ પુસ્તકને આવકાર્યુ છે. ગુજરાતી ભાષામાં પતંગિયાં વિશેનું આ પહેલું અને એકમાત્ર પુસ્તક છે. તેનું પ્રકાશન વન્યજીવ સાહિત્ય પ્રકાશન સાથે વર્ષોથી સંકળાયેલા અજીત શામલે (Samalson designs) કર્યુ છે.

લેખક રૂચિ દવે ભાવનગર જિલ્લાનાં મહુવાનાં વતની છે. સૌરાષ્ટ્રનાં દરિયાકાંઠે વસતા ગીધોને લોકભાગીદારી અને લોકજાગૃતિ થકી કેવી રીતે સંરક્ષણ થઇ શકે તેનું દાખલારૂપ કામ કર્યુ છે. રૂચિ દવેએ સૌરાષ્ટ્રનાં ગીધો પર મહાશોધ નિબંધ (PhD) લખ્યો છે. પતંગિયા વિશે તેમણે લખેલા આ પુસ્તક વિશે રૂચિ દવેએ જણાવ્યું કે, હું ગીધ સરંક્ષણ માટે કામ કરતી હતી એ દરમિયાન એક વાત ખૂબ સ્પષ્ટ રીતે સમજાઈ ગઈ હતી કે પર્યાવરણ સંરક્ષણ તો જ શકય બને જો લોકોને કોઈને કોઈ કુદરતના તત્વો સાથે લગાવ અને જોડાણ થાય. પતંગિયાંએ કુદરતે સર્જેલું સૌથી આશ્વર્યકારક સજીવ છે. પતંગિયા તેના જીવનનાં ચારેય તબક્કામાં રસપ્રદ વર્તણૂક ધરાવે છે. તેનું જીવન અલ્પ છે પણ કુતુહલથી ભરેલું છે. તે નાના બાળકથી લઈને મોટા સૌને રસ લેતા કરવા માટેનું સૌથી સરળ સજીવ છે.

વન વિભાગ સાથે જોડાયા પહેલા માધ્યમિક શાળામાં ગણિત વિજ્ઞાન ભણાવતી હતી. બાર વર્ષની આ નોકરી દરમિયાન બાળકોને પર્યાવરણ સાથે જોડવા માટે શાળાની વિદ્યાર્થીનીઓને પતંગિયા ઉછેર શીખવતી હતી. પતંગિયા ઉછેરનાં અનુભવો પરથી લાગ્યું કે, બાળકો - વિદ્યાર્થીઓને આ રીતે પ્રત્યક્ષ રીતે શીખવવાથી પતંગિયાંમાં ખૂબ રસ પડે છે. એક વખત વિદ્યાર્થીઓને પતંગિયામાં રસ લેતા કર્યા પછી તેમને એવુ કહેવાની જરૂર રહેતી નથી કે, જે - તે પતંગિયાનાં યજમાન વનસ્પતિને બચાવવી જોઈએ. કેમ કે, આ વિદ્યાર્થાઓ પતંગિયાં ઉછેરવાનું એટલુ ઘેલુ લાગ્યું કે, તેઓ જાતે જ પોતાના ઘરે જ પતંગિયાને આકર્ષવા માટે તેમની યજમાન વનસ્પતિ ઉછેરવા લાગ્યાં હતા. આ ઉપરાંત, વિદ્યાર્થીઓ તેમના વિસ્તારમાં પતંગિયાને બચાવવા માટે ખેતીનાં પાકમાં કીટ નાશકો અને નીંદણ નાશકોનો છંટકાવ અટકાવવા લાગ્યા. પરિણામ સ્વરૂપે પાક અને જમીન સુધારણા સાથે પતંગિયાનું મહત્વ લોકો સમજવા લાગ્યા. આમ, પર્યાવરણ સંરક્ષણ ખૂબ સહજ બન્યું, રૂચિ દવેએ પતંગિયાનાં પર્યાવરણમાં રહેલા યોગદાન વિશે વાત કરતા જણાવ્યું.

રૂચિ દવે ૨૦૧૬નાં વર્ષમાં ગુજરાત જાહેર સેવા આયોગની પરીક્ષેત્ર વન અધિકારીની પરીક્ષા ઉતિર્ણ કરી અને વન વિભાગ સાથે જોડાયા. તેમને નોકરીનાં ભાગરૂપે તામિલનાડુનાં કોઈમ્બતૂર શહેરમાં વનસંકુલમાં દોઢ વર્ષ રહેવાનું થયું. રૂચિ દવેએ કોઈમ્બતુરમાં ૧૦૦ એકરમાં પથરાયેલા ફોરેસ્ટ કેમ્પસમાં જોવા મળતા પતંગિયા વિશેનું એક પુસ્તક અંગ્રેજીમાં (Apictorial field guide to butterflies of forest campus, Coimbatore) સંપાદિત કર્યુ હતું. આ પુસ્તકની પ્રક્રિયા દરમિયાન જીવનસૃષ્ટિનાં આ નાંનકડા સજીવની અવનવી વાતો નજરે જોઈ અને રસપ્રદ માહિતી પણ મળી. આ પછી પણ પતંગિયા નિરીક્ષણ ચાલતું રહ્યું. તાલીમ પુરી કર્યા પછી ગુજરાતમાં પાછા આવ્યા ત્યારે વિચાર આવ્યો કે, પતંગિયા વિશે ગુજરાતી ભાષામાં ખાસ કાંઈ લખાયું નથી. જો બહોળા સમુદાય સુંધી પતંગિયાં સૃષ્ટિની વાતો પહોંચાડવી હશે તો સ્થાનિક ભાષામાં એની વાતો લખાવી જોઈએ અને એ રીતે આ પુસ્તકનું વિચારબીજ રોપાયું. પ્રસ્તુત પુસ્તક ગુજરાતમાં જોવા મળતાં પતંગિયાંની યાદી આપતી ફિલ્ડગાઈડ નથી પરંતુ આપણી આસપાસનાં દરેક પતંગિયાંને સમજવા અને માણવાનું માધ્યમ છે. માહિતી અને લે - આઉટ બંને રીતે આ પુસ્તક પતંગિયાં સાથે આપણને જોડતી કડી બની રહે તેવા પ્રયત્નો કર્યા છે. ગુજરાતમાં પક્ષી નિરીક્ષકો મોટી સંખ્યામાં છે અને પક્ષી જગત વિશેનાં લેખનમાં નોંધપાત્ર ખેડાણ થયું હોવાથી ગુજરાતી ભાષામાં પક્ષીઓનાં નામો છે પણ પતંગિયા નિરીક્ષણની હવે શરૂઆત થઈ છે અને આ અંગે સાહિત્ય ઉપલબ્ધ નથી અને ભાષાકીય દ્રષ્ટિએ આ ક્ષેત્રે ખેડાણ થયું નથી. આથી, પતંગિયાનાં ગુજરાતી નામો નથી. આ પુસ્તકમાં પતંગિયાનાં અંગ્રેજી નામોની સાથે સાથે ગુજરાતી સૂચિત નામો પણ આપ્યા છે. પતંગિયાં નિરીક્ષણનું ક્ષેત્ર ગુજરાત હોવાથી પ્રસ્તુત પુસ્તકમાં પતંગિયાંનાં નિવાસસ્થાન, તેમનાં વિસ્તાર, કઈ પ્રજાતિનાં પતંગિયા કયાં સૌથી વધુ જોવા મળી શકે છે તેવાં સ્થળો, તેમની યજમાન વનસ્પતિ અને આ પતંગિયા કયાં દેખાવાની શકયતા વધુ રહેલી છે એ તમામ વિગતો ગુજરાતને કેન્દ્રમાં રાખીને જ આપી છે.

## સા.કુંડલાનાં શ્યામ શેલડીયા અને કલરવ બગડાએ ગૌરવ વધાર્યુ



સાવરકુંડલા, તા.૯

તારીખ ૬-૧૨-૨૪ ના રોજ હેમુ ગઢવી હોલ રાજકોટ મુકામે રાજય કક્ષાનો યુવા ઉત્સવ યોજાઈ ગયો. જેમાં સાવરકુંડલાના ચમકતા તારલાઓએ ઝળહળતી સિદ્ધિ પ્રાપ્ત કરી. આ યુવા ઉત્સવમાં સમગ્ર રાજયમાં લોકવાધ સંગીત સ્પર્ધામાં શેલડીયા શ્યામ અરવિંદભાઈ ગુજરાત રાજય કક્ષાએ પ્રથમ નંબર પ્રાપ્ત કરી. તેમજ કલરવ મહેન્દ્રભાઈ બગડાએ હાર્મોનિયમ વાદનમાં સમગ્ર રાજયમાં દ્વિતીય નંબર પ્રાપ્ત કરી સાવરકુંડલા શહેર તેમજ અમરેલી જિલ્લાનું ગૌરવ વધાર્યુ છે. સંગીત એટલે ભારતીય સંસ્કૃતિ. સંસ્કૃતિના રક્ષક સંગીતના ભેખધારી. સંગીતને સમગ્ર જીવન અર્પણ કરનાર કલા ગુરૂ અરવિંદભાઈ શેલડીયા, મહેન્દ્રભાઈ બગડા, કાજલ ચુડાસમા તેમજ માધવ સંગીત પરિવાર હર્ષની લાગણી સાથે આ બંને તારલાઓને ખૂબ ખૂબ અભિનંદન પાઠવેલ. આપને જણાવી દઈએ કે સાવરકુંડલા ખાતે આવેલ માધવ સંગીત પરિવારમાંથી દર વર્ષે એક સંગીત શિષ્ય રાજયકક્ષાની સંગીત સ્પર્ધાઓમાં પ્રથમ નંબર પ્રાપ્ત કરે છે એ નોંધનીય બાબત ગણાય.

## કેરિયાનાગસનાં ધો.૬ થી ૮ નાં વિદ્યાર્થીઓ સાયન્સ સેન્ટરની મુલાકાતે






અમરેલી, તા.૧૦

અમરેલી નજીક આવેલ કેરિયાનાગસ પ્રાથમિક શાળાનાં ધો. ૬ થી ૮ નાં ૫૦ બાળકોએ ગુજરાત કાઉન્સિલ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી ગુજરાત સરકાર ગાંધીનગર, બાલ ભવન અમરેલી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી અમરેલીની કચેરીનાં માર્ગદર્શન નીચે તા. ૩/૧૨/૨૪ ના રોજ રીઝયોનલ સાયન્સ સેન્ટર ભાવનગરની મુલાકાત લેવામાં આવી હતી. સાયન્સ સેન્ટરમાં પાંચ વિભાગમાં આલ્ફ્રેડ નોબલ વિભાગ, બાયો સાયન્સ વિભાગ, ઈસીએમ વિભાગ મરીન એકવાટીક વિભાગ અને ઓટોમોબાઈલ વિભાગોની જાણકારી બાળકોને આપવામાં આવી હતી. જેમાં રિજયોનલ સાયન્સ સેન્ટર ભાવનગરનાં ગાઈડ અને કર્મચારીઓએ સાથે રહી ખુબ સારી રીતે માર્ગદર્શન આપેલ હતું. કાર્યક્રમના અંતમાં પૃથ્વી ઉપર માનવ જીવનનાં ઉત્કાંતિ કાળની ફિલ્મ પણ બતાવવામાં આવેલ હતી. બાળકોને વૈજ્ઞાનિક અભિગમ કેળવવા માટેની પ્રવૃતિઓ અને જ્ઞાન આપવા બદલ કેરીયાનાગસ શાળા પરિવાર એસએમસી કેરિયાનાગસ ઉપરોકત ગુજકેટ ગાંધીનગર, બાલ ભવન અમરેલી નિલેશભાઈ પાઠક અને જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી અમરેલીએ વ્યવસ્થા કરી હતી.

## ૧૧ ડીસેમ્બર, ''આંતરરાષ્ટ્રીય પર્વત દિવસ''



અમરેલી, તા. ૧૦

વર્ષ ૨૦૦૩થી સંયુકત રાષ્ટ્ર દ્વારા દર વર્ષે ૧૧ ડીસેમ્બરનાં દિવસને ''આંતરરાષ્ટ્રીય પર્વત દિવસ'' તરીકે ઉજવવામાં આવે છે. પર્યાવરણની દ્રષ્ટીએ જોઈએ તો તમામ પ્રકારનાં પર્વતો મહત્વનાં છે પછી ભલે તે બરફ આચ્છાદિત હોય કે સંપૂર્ણ લીલોતરીથી મહેકતા હોય. દરેકે દરેક પ્રકારનાં પર્વતોમાં વિવિધ પ્રકારની જીવસૃષ્ટિ વસે છે. પશુ, પક્ષી, પ્રાણીઓથી લઈને વિવિધ વનસ્પતિ અને માનવી પણ ઘણા ચોક્કસ પહાડી પ્રદેશોમાં રહે છે. વળી જે લોકો ત્યાં રહેતા નથી તો એ જગ્યાનો, માહોલનો આનંદ માણવા માટે પણ પહાડો પર થોડા દિવસો માટે રહેવા જાય છે. પર્વતો પર રહેલી કુદરતી હવા, પ્રદુષણ રહિત માહોલ સૌને આનંદ આપે છે. જેવી રીતે ટ્રાવેલ ટુરીઝમ વધ્યું છે તેમ તેમ લોકો અન્ય વિસ્તારોમાં ફરવા કરતાં પર્વતો પર જઈને પોતાનાં રજાના દિવસો વિતાવવાનું વધારે પસંદ કરે છે પછી ભલે તે કોઈ યાત્રાધામ હોય, હિમાચલ પ્રદેશ હોય, બરફીલા પ્રદેશો હોય કે દક્ષિણમાં આવેલા લીલોતરીથી સજજ પર્વતો હોય. બધે જ રજાનાં દિવસોમાં કે વેકેશનમાં ભીડ જોવા મળે છે.

પશુ, પક્ષીઓ માટે પર્વતો વિશેષ મહત્વ ધરાવે છે. પર્વતો પર ઘણા જંગલી પ્રાણીઓ અને પક્ષીઓ માટે આશ્રય મળે છે. તે તેમને શિકારી પ્રાણીઓથી બચાવે છે. પર્વતોમાં ઘણા નદીઓ અને ઝરણાઓ વહે છે, જે પ્રાણીઓ અને પક્ષીઓને પીવાનું પાણી પ્રદાન કરે છે. આ જળ સ્ત્રોત તેમના જીવન માટે મહત્વપૂર્ણ છે. પર્વતોમાં વિભિન્ન જાતનાં વૃક્ષો, છોડ ઉગે છે, જે પ્રાણીઓ અને પક્ષીઓ માટે આહાર તરીકે ઉપલબ્ધ બને છે. પર્વતોમાં જુદા જુદા સ્થળે તાપમાન વિવિધ હોઈ શકે છે, જે પ્રાણીઓ અને પક્ષીઓને અનુકૂળ પર્યાવરણ આપે છે. અહિ મુખ્ય બાબત એ છે કે કુદરતી રીતે નિર્માણ થયેલા એવા પર્વતો પર જરૂર કરતા વધુ માનવ વસાહત થતા, હવા, પાણી, જમીનનું પ્રદુષણ વધ્યું છે. ઉપરાંત નોઈસ અને લાઈટ પોલ્યુશન પણ વધારાના ઉમેરાયા છે. આવામાં પર્વતો પર રહેતી વન્ય જીવસૃષ્ટિનું શું? જો માનવ બધે જ પોતાનું અસ્તિત્વ જમાવશે તો પ્રાણીઓનું શું? હા એ વાત સાચી કે પર્વતો પર જીવન ગુજારતા કેટલાક લોકો માટે આવકનું સાધન બનવા તેમજ ઈકોનોમી મેઈન્ટેનઈન રાખવા માટે ટ્રાવેલ ટુરીઝમ જરૂરી છે, પરંતુ તેને લગતા અમુક ચોક્કસ કડક નિયમો તો હોવા જ જોઈએ. જેથી કુદરતી સંસાધનોનું રક્ષણ થઈ શકે.
- મિત્તલ ખેતાણી (મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)

## અમરેલી શ્રીમતી એસ.એચ.ગજેરા કેમ્પસના ખેલાડીઓનો નેશનલ કક્ષાએ શૂટિંગ ચેમ્પિયનશિપમાં દબદબો યથાવત





અમરેલી, તા. ૧૦

અમરેલી, શ્રીમતી એસ.એચ.ગજેરા કેમ્પસના સ્કૂલ વિભાગના વિદ્યાર્થીઓ ૨૬મી ઓલ ઈન્ડિયા કુમાર સુરેન્દ્ર સિંઘ ઈન્ટર સ્કૂલ શુટીંગ ચેમ્પયનશિપ ૨૦૨૪ એર પિસ્તોલ સબ-યુથ મેન અને એર પિસ્તોલ સબ-યુથ વુમન માટે શૂટિંગ સ્પર્ધામાં ભાગ લીધેલ હતો, જે હરનૌત, નાલંદા, બિહાર મુકામે યોજાયેલ હતી. તેમાં વિવિધ રાજયોના રમતવીરોએ પાર્ટીસિપેશન કરેલ હતું. જેમાં (૧) ૧૦ મીટર એર પિસ્તોલ સબ-યુથ મેન ટીમ ઈવેન્ટ સિલ્વર મેડલ રાજપરા આકાશ મેળવેલ, (૨) ૧૦ મીટર એર પિસ્તોલ સબ-યુથ વુમન ટીમ ઈવેન્ટ બ્રોન્ઝ મેડલ સાથે હિરપરા હસ્તી કવોલીફાઈ થઈ શાળા તેમજ જિલ્લાનું નામ નેશનલ લેવલે રોશન કરેલ. શ્રેષ્ઠ શિક્ષણ સાથે રમત-ગમત ક્ષેત્રે સતત અનુભવી કોચ દ્વારા પ્રશિક્ષણ મેળવી નેશનલ લેવલે સિદ્ધિઓ પ્રાપ્ત કરેલ છે તે બદલ સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખૂંટ, મંત્રી મનસુખભાઈ ધાનાણી તેમજ કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણી દ્વારા ખેલાડીઓને અને કોચ પૂલકીતાબેન નિંમ્બાવાલ તેમજ ટ્રેનર સાવનભાઈ દેસાઈને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

### દિવ્યાંગ અધિકાર મંચની રજૂઆત

## અમરેલી જિલ્લાનાં દિવ્યાંગો માટે રેશનકાર્ડ ઈ-કેવાયસીના કેમ્પ યોજો

### ખાંભાનાં મામલતદારને આવેદનપત્ર પાઠવ્યું



ખાંભા, તા. ૧૦

ખાંભાના દિવ્યાંગ અધિકાર મંચ દ્વારા મામલતદારને આવેદનપત્ર પાઠવવામાં આવેલ છે.

આવેદનપત્રમાં જણાવેલ છે કે દિવ્યાંગ લોકોને ઈ-કેવાયસી કરવા માટે લાઈનમાં ઊભા પર રહેવું પડે છે અને દિવ્યાંગ લોકો ચાલી શકે તેમ ન હોય એને ઊભા રહી શકે તેમ પણ ન હોય અને આધારકાર્ડમાં પણ દિવ્યાંગ લોકોને લાઈનમાં ઉભું રહેવું પડે છે. આધારકાર્ડમાં વારો આવે છે તો દિવ્યાંગો માટે ઈ-કેવાયસી તથા આધારકાર્ડમાં સુધારા કરવા એક કેમ્પનું આયોજન કરવામાં આવે આ કેમ્પનું આયોજન કરવા અમોને તારીખ, સમય અને સ્થળ પણ નકકી કરી જણાવશો. જેથી અમરેલી જિલ્લાના દિવ્યાંગો લોકો હાજર રહી શકે અને તમામ કેમ્પનો લાભ પણ લઈ શકે તેમ અંતમાં જણાવેલ છે.

## સાવરકુંડલા : શ્રી સ્વામીનારાયણ ગુરૂકુળ દ્વારા નેત્ર કેમ્પ યોજાયો





સાવરકુંડલા, તા. ૧૦

સાવરકુંડલામાં આવેલ ધાર્મિક, સામાજીક અને શૈક્ષણિક સંસ્થા શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ કે જેના સંતોનું એક જીવન સૂત્ર છે કે ' જનસેવા એજ પ્રભુસેવા ' નાં આર્દશ મંત્ર સાથે તારીખ. ૬-૧૨-૨૪ શુક્રવાર. (દર માસના પ્રથમ શુક્રવાર ) ૩૩૨મો વિનામુલ્યે મહાનેત્રયજ્ઞ નેત્રમણી સાથે યોજવામાં આવેલ જેમાં કુલ ૯૫ દર્દીઓએ સામેલ હતા જે પૈકી ૧૬ દર્દીઓને નેત્રમણીની આવશ્યકતા હતી જે દર્દીઓને વિરનગર મુકામે મોકલી આપવામાં આવેલ બાકીના તમામ દર્દીઓને આંખનાં ટીપા, ટ્યૂબ તથા બેતાલાના ચશ્માં આપવામાં આવેલ.

આ મહાનેત્ર યજ્ઞમાં મુખ્ય દાતાશ્રી મુંબઈ નિવાસી પારેખ ચેરીટેબલ ટ્રસ્ટનાં સ્વ. જયંતીલાલ કેશવજીભાઈ પારેખ તેમજ સ્વ. મનુભાઈ કેશવજીભાઈ પારેખ. હસ્તે. ભરતભાઈ, ગૌતમભાઈ અને જયેશભાઈ હાજર રહ્યા હતા. સંસ્થાના વડા શાસ્ત્રી ભગવતપ્રસાદ દાસજી સ્વામી સાથે પારેખ ચેરીટેબલ ટ્રસ્ટનાં દાતા દ્વારા દીપ પ્રાગટય કરી નેત્ર કેમ્પ શરૂ કરવામાં આવેલ. આ કાર્ય માટે સંસ્થાના પ્રમુખ હરિપ્રસાદ દાસજી સ્વામી, કોઠારી સ્વામી અક્ષર મુક્ત સ્વામી, શુકદેવજી સ્વામીનાં માર્ગદર્શન હેઠળ કરવામા આવેલ.

## રેશનકાર્ડનું ઈ–કેવાયસી કરાવવામાં જનતા જનાર્દન ત્રાહીમામ

# ડિજિટલ યુગમાં પણ સર્વર ડાઉનની વિકરાળ સમસ્યા

**સરકારી કચેરીઓમાં સર્વર ડાઉનની સમસ્યા કાયમી ધોરણે જોવા મળતી હોય છે**

**નાગરિકોનાં સરકારી કામો મોટાભાગે ક્યારેય ઝડપથી થતાં હોય તેવું જોવા મળતું નથી**

**લોકશાહી શાસન વ્યવસ્થામાં લોકોની હાલત હંમેશા દયનીય જ જોવા મળે**

**જિલ્લાનાં જનપ્રતિનિધિઓ અને અધિકારીઓ સર્વરની સમસ્યા ઝડપથી દૂર કરાવે તેવી માંગ**

અમરેલી, તા. ૧૦

અમરેલી જિલ્લામાં રેશનકાર્ડનું ઈ કેવાયસી કરાવવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. પરંતુ સરકારી કચેરીઓમાં સર્વર ડાઉન રહેતું હોવાથી અરજદારોને ધરમનાં ધક્કા ખાવા પડી રહ્યા છે.

સરકારે તમામ રેશનકાર્ડનું ઈ કેવાયસી કરવાનો નિર્ણય કર્યો છે તે યોગ્ય જ છે પરંતુ નાગરિકોને ઝડપથી સેવા મળે તે માટેનું કોઈ આયોજન કરાયું નથી. જનસેવા કેન્દ્ર, પાલિકા કચેરી તેમજ બેન્કમાં પણ અરજદારો રેશનકાર્ડનું ઈ કેવાયસી કરવા મોટી સંખ્યામાં જઈ રહ્યા છે પરંતુ તમામ સ્થળોએ સર્વર ડાઉન રહેતું હોવાથી ગણતરીની મિનિટોમાં કરવાની થતી કામગીરીને લઈને ધક્કા ખાવા પડી રહ્યા છે.

તાજેતરમાં નાયબ દંડક તેમજ અન્ય પદાધિકારીઓએ કેમ્પ યોજેલ. પરંતુ રેશનકાર્ડની સંખ્યા હજારોની હોવાથી સૌ પ્રથમ તો સર્વર ડાઉનની સમસ્યા દૂર કરીને તમામ સ્થળોએ કામગીરી ઝડપથી થાય તે માટે જરૂરી સુચના અધિકારીઓને આપવી જોઈએ તેવી માંગ અરજદારો કરી રહ્યા છે.

## ૨ અજાણ્યા તસ્કરોનું કારસ્તાન

# બાબરામાં આવેલ વડલીવાળા મેલડી માતાજીનાં મંદિરની દાનપેટીમાંથી ચોરી

**રૂપિયા ૧૫ હજારની રોકડની ઉઠાંતરી થતાં ફરિયાદ**

અમરેલી, તા. ૧૦, બાબરાના નીલવડા રોડ ઉપર આવેલ વડલીવાળા મેલડી માતાજીના મંદિરે ગત તા. ૯ની રાત્રીના ૩ થી ૩:૩૦ વાગ્યા દરમ્યાન કોઈ બે અજાણ્યા ચોર ઈસમો વહતીયા દાદાના મંદિરની બહાર રાખેલ દાનપેટી તેમજ ઉપરના ભાગે આવેલ મેલડી માતાજીનાં મંદિરની બહાર રાખેલ દાનપેટી જે બંન્ને દાનપેટીઓમાં રહેલ અલગ–અલગ દરની ચલણી નોટો જે કુલ રકમ આશરે રૂા. ૧૫,૦૦૦ રોકડની ચોરી કરી લઈ ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

## યુવતીનાં પિતાએ મગજ ગુમાવ્યો

# સાવરકુંડલાનાં ઠવી ગામે નાનાભાઈએ પ્રેમલગ્ન કરતાં મોટાભાઈ ઉપર હુમલો

**ઈજાગ્રસ્ત યુવકને સારવારમાં ખસેડાયા**

અમરેલી, તા. ૧૦

સાવરકુંડલા તાલુકાના ઠવી ગામે રહેતા નાગજીભાઈ પ્રેમજીભાઈ ચૌહાણ નામના ૪૮ વર્ષિય રત્ન કલાકારના ભત્રીજા ગૌતમભાઈએ તેજ ગામે રહેતા ભરતભાઈ દુલાભાઈ મોલાડીયાની દિકરી માયાબેન સાથે આજથી આશરે બે મહિના પહેલા પ્રેમલગ્ન કરેલ હતા. જે વાતનું મનદુઃખ રાખી તા. ૯ના રોજ સવારના નવેક વાગ્યે વિશાલભાઈ તથા તેમના મિત્ર જયપાલભાઈ બંને વિશાલભાઈના મોટા બાપા મગનભાઈ ભીમજીભાઈ ચૌહાણના ઘરેથી પોતાના ઘરે જતા હતા.

અનુસંધાન પાના ૬ ઉપર

## ડીસ્ટ્રીકટ કોર્ટમાં સેશન્સ જજશ્રી આર.વી. બુખારી મેડમે કર્યો હુકમ

# અમરેલી નાગરિક બેન્કમાં રૂપિયા ૨ લાખનાં ઉચાપતનાં કેસમાં આરોપીનો નિર્દોષ છુટકારો

**આરોપી તરફે એડવોકેટ ઉદયન ત્રિવેદીની દલીલો સફળ**

અમરેલી, તા. ૧૦

અમરેલી નાગરિક બેંકમાં રૂપિયા ૨ લાખનાં ઉચાપત કેસમાં આરોપીનો નિર્દોષ છુટકારો થયો છે.



વિગત એવા પ્રકારની છે કે અમરેલી નાગરીક સહકારી બેંકના જે તે સમયના કર્મચારી શંભુભાઈ આંબાભાઈ ધાનાણી રે. લાલાવદર કે જે તે સમયે બેંકમાં એકાઉન્ટ કલાર્ક તથા કેશીયર તરીકે ફરજ બજાવતા હતા તે દરમિયાન તા. ૧૩/૧/૧૯૯૫ના રોજ રૂા. ૭૧,૭૦૦ તથા તા. ૧૬/૧/૧૯૯૫ના રોજ રૂા. ૮,૩૦૦ જગદીશભાઈ ભીમજીભાઈ પેથાણી પોતાના ખાતામા જમા કરાવવા માટે તેમને આપેલા હતા. તે રકમ તેમણે જમા લઈ અને રસીદ આપેલ હતી. પરંતુ તે રકમ તેમણે બેંકના રજીસ્ટર્ડમાં જમા કરવાના બદલે પોતાનો સામાન્ય

અનુસંધાન પાના ૬ ઉપર

## ૨ યુવકો દારૂનાં ધંધે ચડયા

# ઉનામાં સ્કૂટરમાં થતી વિદેશી દારૂની હેરફેર ઝડપાઈ

**રૂપિયા ૫૯૪૬૪નો મુદ્દામાલ કબ્જે**

અમરેલી, તા. ૧૦

ઉના ગામે લાઈબ્રેરી ચોક વિસ્તારમાં રહેતા અવેજ રફીકભાઈ સોરઠીયાએ પોતાના કબ્જા વાળા એક લીલા–સફેદ કલરના સ્કુટર નં. જી.જે.–૩૨ એએફ–૫૧૫૧ માં ભારતીય બનાવટના વિદેશી દારૂની ૧૮૦ એમએલ લખેલ રીંગપેક બોટલ નંગ–૨૦ કિંમત રૂા. ૧૫૬૦ તથા ૧૮૦ એમએલ લખેલ રીંગપેક બોટલ નંગ–૧૮ કિંમત રૂા. ૧૪૦૪ તેમજ ૧૮૦ એમએલ લખેલ રીંગપેક પ્લાસ્ટીકની બોટલ કુલ નંગ–૧૨ કિંમત રૂા. ૬૦૦ તથા લેબલ વગરની ૧૮૦ એમએલ લખેલ રીંગપેક પ્લાસ્ટીકની બોટલ કુલ નંગ–૧૮ કિંમત રૂા. ૯૦૦, એક એન્ડ્રોઈડ ૫–જી મોબાઈલ કિંમત રૂપિયા ૧૫,૦૦૦, સ્કુટર કિંમત રૂા. ૪૦,૦૦૦ મળી કુલ કિંમત રૂપિયા ૫૯,૪૬૪ નો પ્રોહી મુદામાલની હેરાફેરી કરતાં બીજો આરોપી સંજયભાઈ કોળી (રહે. ઉના) સ્કુટર ચાલક નાસી ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

## લીલીયામોટાનાં દાડમા (પુતળીયા) ગામની ઘટના

# દિકરીએ એક વર્ષ પહેલા પ્રેમલગ્ન કરી લેતા તેની માતા સહિતનાં પરિવારજનોએ ધમકી આપી

**પરિણીતાએ ઝેરી દવા પી લેતા સારવારમાં ખસેડાઈ**

અમરેલી, તા. ૧૦

લીલીયા તાલુકાના દાડમા (પુતળીયા) ગામે રહેતી રીનાબેન પ્રતાપભાઈ સારીખડા નામની ૨૦ વર્ષિય પરિણીતાએ એક વર્ષ પહેલા પ્રેમ લગ્ન કરેલ હોય અને લીલીયા તાલુકાના દાડમા ગામે રહેતા આરોપી દયાબેન હરીભાઈ લુવાર પરિણીતાના મમ્મી થતા હોય અને આરોપી રાજાભાઈ હમીરભાઈ લુવાર, કલુબેન રાજાભાઈ લુવાર પરણિતાના સગા મોટાબા–બાપુજી થતા હોય. પરિણીતાએ કરેલ લગ્નનું મનદુઃખ રાખી ત્રણેય આરોપીઓએ તેણીને અવાર–નવાર ગાળો આપી મારી નાખવાની ધમકીઓ આપતા હોય. જેથી પરિણીતાને ડર લાગતા તા. ૫ના બપોરના આશરે ત્રણ વાગ્યે પોતે પોતાની મેળે પોતાના ઘરે કિડી–મકોડા મારવાનો ઝેરી પાવડર પી લેતા અમરેલી સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાતા પરિણીતાએ તેણીની મમ્મી સહિતના સામે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

## ખાંભાનાં ભાવરડી ગામની ઘટના

# ખેડૂતે ઘરની સામે દારૂની કોથળી નાખવાની ના પાડતાં બઘડાટી બોલી

અમરેલી, તા. ૧૦

ખાંભા તાલુકાના ભાવરડી ગામે રહેતા નાગજીભાઈ ખેતાભાઈ રાઠોડ નામના ૩૭ વર્ષીય ખેડૂતના ઘરની સામે તે જ ગામે રહેતા આરોપી મુકેશભાઈ જીવાભાઈ રાઠોડ દારૂની ખાલી પ્લાસ્ટીકની કોથળીઓ ફેંકતા હોય. જેથી ખેડૂતે તેમને કોથળીઓ ઘરની સામે નાખો છો ? અમારા નાના છોકરાઓ પ્લાસ્ટીકની કોથળીઓ મોઢામાં નાખે છે તેમ કહેતા એકદમ ઉશ્કેરાઈ જઈ ખેડૂતને જાહેરમાં જેમફાવે ગાળો આપતા ખેડૂત પોલીસમાં ફરિયાદ કરવા જતા હતા તે વખતે આરોપીના કાકા ભગાભાઈ આલાભાઈ રાઠોડ આવી જતા યુવકને ગાળો આપી પકડી રાખી શરીરે મુંઢમાર તથા લોખંડના પાઈપથી ડાબા હાથે બે ઘા મારી મુંઢ ઈજાઓ કરી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

## જામતા શિયાળાની ઢળતી ખૂશનુમાં સાંજ



જામતા શિયાળાની ઢળતી ખૂશનુમાં સાંજે હાથસણીના દેદુમલ જળાશય સ્થિત સૂર્યાસ્ત સમયે ઝીલાયેલ અદભૂત નયનરમ્ય નઝારો.

## પતિ સાથે ભાગીયુ રાખીને ખેતી કાર્ય કરતી

# જાફરાબાદનાં નાગેશ્રી ગામની પ્રૌઢાએ ઝેરી દવા પી કૂવામાં ધુબાકો માર્યો : મોત

**સ્થાનિક પોલીસ સ્ટેશનમાં ઘટના જાહેર થઈ**

અમરેલી, તા. ૧૦

જાફરાબાદ તાલુકાના નાગેશ્રી ગામે રહેતા જયાબેન જયંતીભાઈ રાઠોડ નામની ૪૫ વર્ષિય મહિલા તથા તેણીનાં પતિ તે જ ગામે રહેતા હકાભાઈ બચુભાઈ વરૂની મસળીકાંઠા વાડી વિસ્તારમાં આવેલ ખેતર ભાગ્યું રાખતા હોય અને તેના પતિ સાથે ખેતરમાં ઓરડીએ રહેતા હોય. ગત તા. ૮ના બપોરે ૧:૩૦ વાગ્યા આસપાસ જયાબેન જેન્તીભાઈ રાઠોડે કોઈ અગમ્ય કારણોસર પોતાની જાતેથી ખેતી પાકમાં છંટકાવ કરવાની ઝેરી દવા પી લીધા બાદ પોતાની જાતે કુવામાં પડી જતા મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

## કોઈ અગમ્ય કારણોસર પગલું ભર્યુ

# અમરેલી નજીક આવેલ નાના આંકડીયા ગામની પ્રૌઢાએ ગળાફાંસો ખાઈ અંતિમવાટ પકડી

**રાત્રિથી લઈને વ્હેલી સવાર સુધીમાં ગળાફાંસો ખાધો**

અમરેલી, તા. ૧૦

મુળ રાજસ્થાનના વતની અને હાલ અમરેલી તાલુકાના નાના આંકડીયા ગામે રહેતા બંદીબેન ઉર્ફે ચંપાબેન કલુભાઈ ઉર્ફે વાલજીભાઈ મહીડા નામની ૪૨ વર્ષિય મહિલા તા. ૯ના રાત્રીના ૧૨:૩૦થી વ્હેલી સવારે ૪ દરમ્યાન કોઈપણ સમય દરમ્યાન કોઈ અગમ્ય કારણોસર પોતે પોતાની મેળે ઘરે આડસર સાથે ચુંદડી બાંધી કોઈ અગમ્ય કારણોસર ગળાફાંસો ખાઈ જતા મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.












*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)